રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 239 | Dt. 10-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

વોટ ચોરી મુદ્દે EVM હટાવવા માગ

વિપક્ષના ૧૦ નેતાઓની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત : વોટચોરીના પુરાવા માંગતા રાષ્ટ્રપતિ



નવી દિલ્હી, તા.૯

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે છેલ્લા ૩ દિવસથી પ્રદર્શન કરી રહેલા વિપક્ષી નેતાઓને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુલાકાત માટે સમય આપ્યો હતો. સંસદના સેન્ટ્રલ હોલમાં INDIA બ્લોકની બેઠક પૂર્ણ થયા બાદ રાહુલ ગાંધી અને મમતા બેનર્જી સહિત ૧૦ અગ્રણી નેતાઓ રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા અને તેમની મુલાકાત પૂર્ણ થઈ છે. બીજી તરફ, વિજય ચોક ખાતે બાકીના વિપક્ષી સાંસદો વોટ ચોરીના આક્ષેપો સાથે ધરણાં પર બેસી ગયા હતા અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા.

સંસદથી રાષ્ટ્રપતિ ભવન સુધી વિપક્ષી સાંસદોએ માર્ચ યોજ્યો હતો, જેમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના અગ્રણી નેતાઓ જોડાયા હતા. સુરક્ષાને ધ્યાને રાખીને રાયસીના હિલ્સ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. વિપક્ષનું ૧૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને આવેદનપત્ર સોંપવા પહોંચ્યું હતું, જ્યારે અન્ય સાંસદો 'જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો'ના બેનરો સાથે વિજય ચોક પર ધરણાં પર બેઠા હતા.

રાષ્ટ્રપતિને મળવા ગયેલાં પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, TMCમાંથી મમતા બેનર્જી, નેશનલ કોન્ફરન્સમાંથી ઓમર અબ્દુલ્લા, CPMમાંથી એમ. એ. બેબી, CPIમાંથી ડી. રાજા, NCP (SP)માંથી સુપ્રિયા સુલે, VCKમાંથી થોલ. થિરુમાવલવન, RJDમાંથી મનોજ ઝા અને સમાજવાદી પાર્ટીમાંથી રાજીવ રાય સામેલ હતા. મીડિયા સાથેની વાતચીતમાં મલ્લિકાર્જુન ખડગે જણાવ્યું કે, 'અમે તમામ નેતાઓએ રાષ્ટ્રપતિ સામે વાત મૂકી છે અને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો છે. ફરીથી ચૂંટણી કરાવવાની અને EVM હટાવીને બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ કરી છે. રાષ્ટ્રપતિએ આપણી પાસે આ અંગેના પુરાવા માગ્યા છે.'

રાહુલ ગાંધીએ પણ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિએ તેમની પાસે વોટ ચોરીના પુરાવા સોંપવા કહ્યું છે. આ પહેલાં બેઠકમાં તેમણે કહ્યું હતું કે ગુજરાત, હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીના પરિણામો શંકાસ્પદ છે અને તેમની પાસે વોટ કપાવાના પુરાવા છે. આ માત્ર ચૂંટણી કમિશનર પૂરતી વાત નથી, પરંતુ આખી સરકારે બરખાસ્ત થવું જોઈએ. તૃણમૂલ કોંગ્રેસના વડાં મમતા બેનર્જીએ જણાવ્યું કે, 'રાષ્ટ્રપતિએ અમારી પાસે પુરાવા માગ્યા છે. અમે વોટ ચોરીના મુદ્દા પર તેમના હસ્તક્ષેપની માગ કરી છે. તેમણે સકારાત્મક વલણ દાખવ્યું છે અને જનતાનો અવાજ સાંભળ્યો છે. અમે રાષ્ટ્રપતિને બંધારણની રક્ષા કરવા અપીલ કરી છે અને હવે અમે તેમને વોટ ચોરી સંબંધિત તમામ પુરાવા સોંપીશું.'

૧૭૪ મુસાફરોના જીવ બચાવનારા બાહોશ કેપ્ટન રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગની જાહેરાત

સ્મિત મચ્છરને ઈઝરાયલ આપશે પ્રેસિડેન્શિયલ એવોર્ડ



નવી દિલ્હી, તા.૯

હવામાં ઊડી રહેલા વિમાનમાં મોટી દુર્ઘટના અને હાઈજેકિંગનો પ્રયાસ નિષ્ફળ બનાવી ૧૭૪ મુસાફરોના જીવ બચાવનારા ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરને ઈઝરાયલ સરકાર દ્વારા દેશના સર્વોચ્ચ નાગરિક વીરતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઇસાક હર્ઝોગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કેપ્ટન મચ્છરને તેમની અસાધારણ બહાદુરી, સાહસ અને પ્રોફેશનલિઝમ માટે 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ફોર સિવિલ હિરોઈઝમ' થી નવાજવામાં આવશે.

યરૂશલેમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં છ ઈઝરાયલી નાગરિકોને વીરતા પુરસ્કાર આપતી વખતે રાષ્ટ્રપતિ હર્ઝોગે ખાસ ભારતીય પાયલટ સ્મિત મચ્છરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ''આજે જે ઈઝરાયલી વીરોને આપણે સન્માનિત કરી રહ્યા છીએ, તેમની સાથે આપણે ભારતના કેપ્ટન સ્મિત મચ્છરના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના કરીએ છીએ. તેમની બહાદુરી અને સૂઝબૂઝથી જ એક મોટી હોનારત ટળી શકી છે. તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે ત્યારે મને ઈઝરાયલની જનતા વતી તેમને આ પુરસ્કાર આપવાનું સન્માન મળશે.''ઉલ્લેખનીય છે કે, આ એવોર્ડ ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના આતંકી હુમલા બાદ રાષ્ટ્રપતિ હર્ઝોગ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જે અન્ય લોકોના જીવ બચાવવા માટે અસાધારણ વીરતા દર્શાવનારા નાગરિકોને આપવામાં આવે છે.

નોંધનીય છે કે, ગયા સપ્તાહે તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ઉડાન FZ1073 માં એક ભયાનક ઘટના બની હતી. વિમાનના ઓમાની નાગરિક કો-પાયલટ હમામ અલ-હમ્મામીએ અચાનક કેપ્ટન સ્મિત મચ્છર પર કુહાડીથી પ્રાણઘાતક હુમલો કરી દીધો હતો અને વિમાનનો કંટ્રોલ પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ગંભીર રીતે ઘવાયેલા હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરે અદ્ભુત ધૈર્ય અને સાહસ બતાવીને કો-પાયલટને કાબૂમાં કર્યો હતો અને ૧૭૪ પ્રવાસીઓને લઈ જતા વિમાનનું સાઉદી અરેબિયામાં સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

આ ઘટના બાદ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કેપ્ટન સ્મિત મચ્છર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. નેતન્યાહૂએ સ્મિત મચ્છરને ઈઝરાયલ, ભારત અને સમગ્ર વિશ્વના ''હીરો'' ગણાવ્યા હતા અને તેમને ઈઝરાયલના આગામી સ્વતંત્રતા દિવસ સમારોહમાં ખાસ અતિથિ તરીકે હાજર રહેવા સત્તાવાર નિમંત્રણ પણ પાઠવ્યું હતું.

જેન-Z થી સરકાર ડર્યાનો આરોપ

દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ : CJP

જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અડગ : ૧૦ વાગ્યાથી પ્રોટેસ્ટની કરી જાહેરાત



નવી દિલ્હી, તા.૯

કોકરોચ જનતા પાર્ટીએ કેન્દ્ર સરકાર પર 'જેન-ઝી'થી ડરવાનો અને દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ ઊભી કરવાનો આરોપ લગાવ્યો છે. CJP એ શનિવારે દિલ્હીના જંતર-મંતર પર મોટા વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. દિલ્હી પોલીસે પરવાનગી ન આપવા છતાં, CJP સ્થાપક અભિજિત દીપકે પ્રદર્શન પર મક્કમતા દર્શાવી છે. CJP, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહી છે.

કોકરોચ જનતા પાર્ટીએ શુક્રવારે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં આરોપ લગાવ્યો છે કે સરકાર 'જેન-ઝી' થી ડરી ગઈ છે. CJPએ કહ્યું કે દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ ઊભી કરી દેવામાં આવી છે. CJPએ શનિવારે જંતર-મંતર પર મોટા વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે, પરંતુ આ પ્રદર્શન માટે દિલ્હી પોલીસે પરવાનગી આપી નથી. આ અગાઉ રાજધાની દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગઈ છે. પોસ્ટર જાહેર કરીને CJP એ પ્રદર્શનકારીઓને શનિવારે સવારે ૧૦ વાગ્યે દિલ્હીના જંતર-મંતર પર ભેગા થવાની અપીલ કરી છે. CJPના સ્થાપક અભિજિત દીપકે સરકાર પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો કે, પ્રદર્શનકારીઓને રોકવા માટે લોકોના અવર-જવર પર નિયંત્રણો લાદવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર Gen ણથી ડરે છે.

અભિજિત દીપકે જણાવ્યું કે, CJPના કાર્યકર્તાઓ શનિવારે જંતર-મંતર પર પ્રદર્શન કરવાની પોતાની યોજના પર મક્કમ છે. તેમણે સરકારને પડકાર ફેંકતા કહ્યું, 'જો તમે યુવાનોથી આટલા ડરો છો, તો આખો દેશ જ બંધ કરી દો.' તેમણે ૧૦ ઑક્ટોબરે સવારે ૪ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા વચ્ચે નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશનો પર આવતી કેટલીક મેલ અને એક્સપ્રેસ ટ્રેનો રદ કરવાના નિર્ણયની પણ ટીકા કરી હતી.

CJPના સૌરવ દાસે દેશની વર્તમાન સ્થિતિની સરખામણી ઈમરજન્સી સાથે કરી હતી. તેમણે દાવો કર્યો કે, ભાજપ શાસિત રાજ્યોમાં પાર્ટીના કેટલાક કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી રહી છે, તો કેટલાકને ઘરમાં નજરકેદ કરી દેવાયા છે. દાસે કહ્યું, 'કોઈ ભ્રમમાં ન રહો. દેશમાં ઈમરજન્સી લાદી દેવામાં આવી છે અને દિલ્હીને કિલ્લામાં ફેરવી દેવાયું છે.'દિલ્હી પોલીસે પ્રદર્શનની મંજૂરીઆપી નથી.ઉલ્લેખનીય છે કે CJP મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહી છે. તેમનો આરોપ છે કે, SIRમાં અનિયમિતતાઓ થઈ છે. આ જ મુદ્દે વિપક્ષ પણ સતત રસ્તા પર ઉતરીને વિરોધ કરી રહ્યો છે.

CJP પ્રદર્શન : દિલ્હી છાવણીમાં ફેરવાયું

૩૮ ટ્રેનો રદ, મેટ્રો સ્ટેશનો બંધ, ઈન્ટરનેટ સ્થગિત, સરહદો પર BSF તહેનાત



નવી દિલ્હી, તા.૯

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને મતદાર યાદીના SIR મુદ્દે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા ૧૦ ઓક્ટોબરે જંતર-મંતર ખાતે યોજાનારા વિરોધ પ્રદર્શન પહેલાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે. દિલ્હી પોલીસે આ પ્રદર્શન માટે મંજૂરી આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે અને નવી દિલ્હી વિસ્તારમાં BNSSની કલમ ૧૬૩ લાગુ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, કાર્યક્રમનું આવેદનપત્ર નિયત સમયમર્યાદા બાદ ૭ ઓક્ટોબરે મળ્યું હતું અને અગાઉના પ્રદર્શનોમાં નિયમોના ઉલ્લંઘનને ધ્યાને રાખીને આ પરવાનગી નકારવામાં આવી છે. પ્રદર્શનને રોકવા વહીવટીતંત્રે ચોતરફ કડક ઘેરાબંધી કરી દીધી છે, જેનાથી સામાન્ય જનજીવન અને વાહનવ્યવહાર પ્રભાવિત થયા છે.

રાજધાનીના નવી દિલ્હી, મધ્ય દિલ્હી અને સરહદી વિસ્તારોમાં ૨૦ હજારથી વધુ સુરક્ષાકર્મીઓ ગોઠવી દેવામાં આવ્યા છે. જંતર-મંતર, જનપથ, ચૂંટણી પંચ અને દિલ્હી પોલીસ મુખ્યાલયની આસપાસના આશરે દોઢ કિલોમીટરના વિસ્તારને અતિસંવેદનશીલ જાહેર કરી ત્યાં ૬,૫૦૦થી વધુ જવાનો તહેનાત કરાયા છે.સમગ્ર નવી દિલ્હી જિલ્લાને ૨૦ ઝોનમાં વહેંચીને દરેક ઝોનની કમાન આઈપીએસ સ્તરના અધિકારીઓને સોંપવામાં આવી છે. સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવા માટે શનિવારે વહેલી સવારે ૪, ૬ અને ૭ વાગ્યે પોલીસ મુખ્યાલય ખાતે ઉચ્ચ અધિકારીઓની મહત્વની બેઠકો પણ નિર્ધારિત કરવામાં આવી છે.

સંવેદનશીલ સ્થળો પર અવાજ અને વિડિયો રેકોર્ડિંગની સુવિધાવાળા ૩૦૦થી વધુ વધારાના સીસીટીવી કેમેરા લગાવી નજર રાખવામાં આવી રહી છે. અનધિકૃત રીતે એકઠા થતા પ્રદર્શનકારીઓને કસ્ટડીમાં રાખવા માટે ૧૨ ડિટેન્શન સેન્ટર તૈયાર કરાયા છે. આ ઉપરાંત હોટેલો, લોજ અને ભાડાના મકાનો પર સતત નજર રાખવામાં આવી રહી છે તેમજ મસ્જિદો, કોમ્યુનિટી સેન્ટર્સ અને RWA મારફતે લોકોને પ્રદર્શનમાં ન જોડાવા અપીલ કરવામાં આવી છે.

જંતર-મંતર અને સંસદ માર્ગ તરફ જતા તમામ રસ્તાઓ પર સાત સ્તરમાં બેરિકેડિંગ ગોઠવી દેવામાં આવી છે. પ્રદર્શનકારીઓ તેને હટાવી ન શકે તે માટે પોલીસે ઘણા સ્થળોએ બેરિકેડ્સને લાંબી અને મજબૂત લોખંડની સાંકળોથી પરસ્પર બાંધી દીધા છે. પોલીસ લાઉડસ્પીકર દ્વારા લોકોને પ્રદર્શનની પરવાનગી ન હોવાની સતત ચેતવણી આપી રહી છે. દિલ્હીને અડીને આવેલી ચિલ્લા બોર્ડર પર નોઈડા અને દિલ્હી પોલીસ સાથે સીમા સુરક્ષા દળ (BSF) ના જવાનો ગોઠવી દેવાયા છે. અહીં આરસીસી (RCC) બેરિકેડ્સ મુકાયા છે અને શંકાસ્પદ વાહનોનું ઊંડાણપૂર્વક ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે.

ભારતીય નૌકાદળની દરિયાઈ તાકાતમાં થશે ઐતિહાસિક વધારો

દુશ્મનની સબમરીનનો ખાતમો બોલાવવા ઈંગજ માંગરોળ સંપૂર્ણપણે સજ્જ : ૧૨ ઓક્ટોબરે મુંબઈ ખાતે નૌકાદળમાં વિધિવત રીતે સામેલ થશે

નવી દિલ્હી, તા.૯

ભારતીય નૌકાદળની દરિયાઈ તાકાતમાં એક ઐતિહાસિક અને પ્રચંડ વધારો થવા જઈ રહ્યો છે. દેશની દરિયાઈ તટીય સુરક્ષાને વધુ અભેદ્ય અને મજબૂત બનાવવા માટે કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા નિર્મિત ત્રીજું સ્વદેશી એન્ટી-સબમરીન વોરફેર શૈલો વોટર ક્રાફ્ટ 'આઈએનએસ માંગરોળ' આગામી ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે એક ભવ્ય સમારોહમાં ભારતીય નૌકાદળમાં વિધિવત રીતે સામેલ થવા જઈ રહ્યું છે. આ ઐતિહાસિક સમારોહની અધ્યક્ષતા વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ વાઇસ એડમિરલ સંજય વત્સાયન કરશે. આ ગૌરવશાળી કાર્યક્રમમાં નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, કોચીન શિપયાર્ડના પ્રતિનિધિઓ તેમજ પૂર્વ સૈનિકો અને સ્વદેશી હથિયાર ઉત્પાદકો ખાસ ઉપસ્થિત રહીને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનશે. ભારતીય નૌકાદળ માટે આ એક અત્યંત ગર્વની ક્ષણ છે કારણ કે આ યુદ્ધપોત દેશની વિશાળ દરિયાઈ સીમાઓને દુશ્મનોની નાપાક નજરથી સુરક્ષિત રાખવામાં એક મહત્વપૂર્ણ અને નિર્ણાયક ભૂમિકા ભજવશે.

ગુજરાત રાજ્ય અને ખાસ કરીને સૌરાષ્ટ્રવાસીઓ માટે આ અત્યંત ગૌરવની અને આનંદની વાત છે કે નૌકાદળના આ શક્તિશાળી અને અત્યાધુનિક યુદ્ધપોતનું નામ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના પ્રખ્યાત મત્સ્યઉદ્યોગ બંદર એવા માંગરોળ શહેર પરથી રાખવામાં આવ્યું છે. અગાઉ પણ નૌકાદળમાં આ જ નામનું એક માઈનસ્વીપર જહાજ વર્ષ ૨૦૦૪ સુધી દેશની અને નૌકાદળની અવિરત સેવા કરી ચૂક્યું છે. હવે નવી અને આધુનિક ટેકનોલોજી સાથે નૌકાદળ પોતાના નામાભિધાન



દ્વારા પોતાની આ જૂની અને ગૌરવશાળી વિરાસતને વધુ આગળ ધપાવી રહ્યું છે. માંગરોળનું નામ હવે દેશની સુરક્ષાના નકશા પર સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયું છે જે સમગ્ર ગુજરાત માટે ખૂબ જ આનંદ અને અદભુત ગર્વનો વિષય છે.

આધુનિક સમયમાં દેશને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના સરકારના સતત પ્રયાસોના ભાગરૂપે આઈએનએસ માંગરોળ 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનનું એક જીવંત અને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ યુદ્ધપોતમાં ૮૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે ભારતની શક્તિશાળી યુદ્ધપોત બનાવવાની ક્ષમતાને સમગ્ર વિશ્વ સમક્ષ સાબિત કરે છે. કોચીન શિપયાર્ડ દ્વારા દેશમાં જ ડિઝાઇન અને નિર્મિત આ જહાજ ત્રણ શક્તિશાળી ડીઝલ એન્જિન અને અત્યાધુનિક વોટરજેટ પ્રોપલ્શન સિસ્ટમથી ચાલે છે. આ વિશેષ અને અત્યાધુનિક ડિઝાઇનના કારણે તે છીછરા દરિયાઈ પાણીમાં પણ ખૂબ જ સરળતાથી અને ઝડપથી કામ કરી શકે છે. દરિયાની અંદર ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા, ઓછા તીવ્રતા વાળા દરિયાઈ અભિયાનો સફળતાપૂર્વક પાર પાડવા અને માઈન વોરફેર જેવા અત્યંત જટિલ કાર્યો કરવા માટે તે સંપૂર્ણપણે સક્ષમ છે. જ્યાં મોટા અને વિશાળ યુદ્ધપોતની પહોંચ છીછરા પાણીને કારણે મર્યાદિત થઈ જાય છે ત્યાં આ જહાજ તટીય વિસ્તારોમાં ખૂબ જ અસરકારક અને દુશ્મનો માટે અત્યંત ઘાતક સાબિત થશે.

દુશ્મનોના કોઈપણ નાપાક ઈરાદાઓને નિષ્ફળ બનાવવા અને દરિયાની અંદર છુપાયેલા જોખમોનો સફાયો બોલાવવા આ જહાજને અત્યાધુનિક હથિયાર અને સેન્સર સિસ્ટમથી સંપૂર્ણપણે સજ્જ કરવામાં આવ્યું છે. આઈએનએસ માંગરોળ 'અભય' હલ-માઉન્ટેડ સોનાર, અત્યંત ઘાતક હળવા ટોર્પિડો, સ્વદેશી એન્ટી-સબમરીન રોકેટ લોન્ચર અને 'મારીચ' એડવાન્સ્ડ ટોર્પિડો ડિપ્લોય સિસ્ટમ જેવા અત્યંત આધુનિક શસ્ત્રો ધરાવે છે. આ તમામ આધુનિક સિસ્ટમ્સ દરિયાની અંદરથી આવતા કોઈપણ પ્રકારના જોખમોને ખૂબ જ ઝડપથી શોધીને તેને તુરંત જ નિષ્ક્રિય કરવામાં નૌકાદળને મદદરૂપ બનશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્ર માટે સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે

'રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ'નો મંત્ર PMને આભારી : CM

PMની ૨૫ વર્ષની અવિરત જનસેવા અને રાષ્ટ્ર સમર્પણ માટે જનતા વતી વડાપ્રધાનને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્ર માટે સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમની અવિરત જનસેવા, રાષ્ટ્ર સમર્પણ અને નિર્ણાયક નેતૃત્વને બિરદાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ ૨૫ વર્ષ સંકલ્પથી સિદ્ધિ સુધીની યાત્રા છે, તેમાં 'સત્તા નહીં, સેવા' અને 'રાષ્ટ્ર પ્રથમ'નો મંત્ર શાસનના કેન્દ્રમાં રહ્યો છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રવકતા મંત્રી જીતુભાઇ વાઘાણી સાથે પત્રકાર પરિષદને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અવિરત જનસેવા અને રાષ્ટ્ર સમર્પણ બદલ ગુજરાતની જનતા-જનાર્દન વતી હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહયું કે નાગરિક દેવો ભવનો ભાવ, જનકલ્યાણની ભાવના, સ્પષ્ટ વિઝન અને દૃઢ સંકલ્પ સાથે પડકારોને તકમાં પરિવર્તિત કરવાની વડાપ્રધાનની કાર્યશૈલીએ ગુજરાત સહિત સમગ્ર દેશના વિકાસને આગવી દિશા આપી છે.

૨૦૦૧ની ૭મી ઓક્ટોબરે નરેન્દ્રભાઈએ શાસન સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે પડકારોનો સામનો કરી રહેલા ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામેગામ વીજળી, નર્મદા કેનાલ નેટવર્ક દ્વારા પાણીની સુવિધા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ મળ્યો. ૨૦૦૩માં શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટે ગુજરાતને વૈશ્વિક રોકાણના નકશા પર આગવી ઓળખ અપાવી હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાનની વિઝનરી લીડરશીપમાં ગુજરાતની વિકાસયાત્રાની સફળતાને પગલે દેશવાસીઓએ પણ ૨૦૧૪માં તેમના નેતૃત્વને પ્રચંડ સમર્થન આપ્યું હતું. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં દેશનો વિશ્વાસ સંપાદિત કરીને તેઓ પ્રધાનસેવક તરીકે સેવારત રહ્યાં. એટલું જ નહિ, તેમણે વિકાસની રાજનીતિ-પોલિટિક્સ ઓફ પર્ફોર્મન્સની નવી કેડી કંડારી છે.

વડાપ્રધાન માટે વિકાસ એટલે માત્ર રસ્તા, પુલ અને ઉદ્યોગોનું નિર્માણ નહીં, પરંતુ સમાજના છેવાડાના માનવીના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવું છે. તે જ વિકાસ ગરીબ કલ્યાણ મેળા, આવાસ, સ્વચ્છતા, ફાઈનાન્સિયલ



ઈન્ક્લુઝન અને આરોગ્ય સુરક્ષા જેવી પહેલો દ્વારા સરકારી યોજનાઓના લાભો લાભાર્થીઓ સુધી સીધા પહોંચાડવાનો અભિગમ તેમણે અપનાવ્યો છે.

ખેડૂતોને દેશના વિકાસના ભાગીદાર બનાવવા PM-KISAN જેવી યોજનાઓ, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન અને મહિલાઓના સશક્તિકરણ માટે ઉજ્જવલા યોજના અને મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં વધુ ભાગીદારીના પ્રયાસો સમાજના સર્વાંગી વિકાસની દિશામાં મહત્વપૂર્ણ બન્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતમાં સફળ થયેલી વિકાસલક્ષી અનેક પહેલોને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરીને નરેન્દ્રભાઈ મોદીએ જનકલ્યાણને નવી ઊંચાઈ આપી છે. માં અમૃતમથી આયુષ્માન ભારત, જ્યોતિગ્રામથી દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, નિર્મળ ગુજરાતથી સ્વચ્છ ભારત મિશન, જલમંદિરથી અમૃત સરોવર અને કન્યા કેળવણીથી બેટી બચાવો, બેટી પઢાવો ઉપરાંત ખેલ મહાકુંભથી ખેલો ઇન્ડિયા સુધીની યાત્રાએ રમતગમતને પણ નવી દિશા આપી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

ગુજરાતમાં વડાપ્રધાનના વિઝનથી સાકાર થઈ રહેલા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, અમદાવાદ-ધોલેરા રેલ અને એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ્સ, વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, દાહોદનું રેલવે લોકોમોટિવ ઉત્પાદન એકમ, વડોદરામાં સંરક્ષણ ક્ષેત્રે વિમાન ઉત્પાદન, ગીફ્ટ સિટીમાં આઈએફસીએસએ અને ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ જેવી પહેલો ગુજરાતના આર્થિક વિકાસને નવી ગતિ આપી રહી છે.

કચ્છના ખાવડામાં હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક, ભાવનગરમાં ઈંગચ્ચ ટર્મિનલ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતમાં થઈ રહેલા વિકાસથી રાજ્ય આધુનિક ટેકનોલોજી, સ્વચ્છ ઊર્જા અને ઉદ્યોગોના નવા કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. સેમિકન્ડક્ટર મિશન હેઠળ ૬ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સથી ગુજરાત સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં આગળ વધુ છે.

કોવિડ-૧૯ મહામારી દરમિયાન સ્વદેશી રસી વિકાસાવીને અન્ય દેશોને પણ પહોંચાડીને મોદી સાહેબે વૈશ્વિક જવાબદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના અને પર્યાવરણ સંરક્ષણ સાથે વિકાસના સંતુલનનો સંદેશ આપીને વિશ્વમંચ પર ભારતની આગવી ઓળખ નરેન્દ્રભાઈ મોદીએ વધુ મજબૂત કરી હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાનનું નેતૃત્વ દેશની યુવા શક્તિમાં આત્મવિશ્વાસ, નવીનતા અને કૌશલ્યનો સંચાર કરી રહ્યું છે. આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે દેશ વૈશ્વિક સ્તરે નવી તકો ઊભી કરી રહ્યો છે અને વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રથી વિકસિત ભારત-૨૦૪૭ ના નિર્માણ માટેનો વડાપ્રધાનનો સંકલ્પ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ બને તેવું આહવાન મુખ્યમંત્રીએ કર્યું હતું.

રાજકોટના આંગણે કાલથી 'એસ્થે કાયા કલ્પ'નો ભવ્ય શુભારંભ

જૂનાગઢમાં મળેલા અતૂટ વિશ્વાસ બાદ હવે રાજકોટમાં નિષ્ણાત ડર્મેટોલોજિસ્ટ્સ દ્વારા વર્લ્ડ-ક્લાસ સ્કિન અને હેર ટ્રીટમેન્ટ્સનો થશે પ્રારંભ

રાજકોટ, તા.૯

જૂનાગઢમાં મળેલા અપરંપાર વિશ્વાસ, સપોર્ટ અને પ્રેમ માટે અમે હૃદયપૂર્વક આભારી છીએ. આપના આ જ વિશ્વાસને સાથે લઈ, નિષ્ણાત ડર્મેટોલોજિસ્ટના માર્ગદર્શન, વ્યક્તિગત ટ્રીટમેન્ટ પ્લાન અને અદ્યતન ટેક્નોલોજી સાથે સચોટ નિદાનથી યોગ્ય સારવાર આપવા માટે વિશ્વસનીય સ્કિન અને હેર કેર ક્લિનિક ''એસ્થે કાયા કલ્પ'' (સ્કિન '' હેર '' લેસર '' હેર ટ્રાન્સપ્લાન્ટ ક્લિનિક) હવે આપના રાજકોટના આંગણે શરૂ થવા જઈ રહ્યું છે. આ શુભ પ્રસંગે શહેરીજનોને પધારવા માટે ભાવભીનું નિમંત્રણ અપાયું છે.

ક્લિનિકમાં ચામડીના રોગોની સારવાર, ખીલ અને ખીલના ખાડાની લેસર સારવાર, હેર એન્ડ હેર ટ્રાન્સપ્લાન્ટ, સ્કિન ગ્લો અને પીગમેન્ટેશન, એન્ટી-એજિંગ ટ્રીટમેન્ટ, આઈ. વી. ડ્રિપ થેરાપી (IV Drip Therapy) તેમજ ડર્મેટોસર્જરી અને પ્લાસ્ટિક સર્જરી જેવી તમામ વર્લ્ડ-ક્લાસ સેવાઓ ઉપલબ્ધ રહેશે. નિષ્ણાત ડર્મેટોલોજિસ્ટ દ્વારા સચોટ નિદાન, શ્રેષ્ઠ અને પરિણામલક્ષી પરિણામની ખાતરી, પ્રમાણિત અને રિસર્ચ આધારિત થેરાપી તેમજ ગજ-FDA દ્વારા પ્રમાણિત અત્યાધુનિક મશીનરી અને ટેક્નોલોજીના ઉપયોગના કારણે અમે લોકોની પહેલી પસંદ છીએ. આવતીકાલ તા. ૧૧ ને પ્રથમ નોરતે સવારે ૯ વાગ્યાથી, એડલ્ફી કોમ્પ્લેક્સ, બીજો માળ, કૈલાસ પર્વત રેસ્ટોરન્ટની ઉપર, ક્રિસ્ટલ મોલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હોય, ડો. પ્રદિપસિંહ ડી. પરમાર (એમ. ડી. સ્કિન ડી.વી.એલ.), ડો. પિયુષ બી. બોરખતરીયા,ડો. મિતલ પી. બોરખતરીયા અને ડો. પ્રિયાબા એન. ચુડાસમા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉપલબ્ધ મુખ્ય વર્લ્ડ-ક્લાસ ટ્રીટમેન્ટ્સ

- ચામડીના રોગોની સારવાર
- ખીલ અને ખીલના ખાડાની લેસર સારવાર
- હેર એન્ડ હેર ટ્રાન્સપ્લાન્ટ
- સ્કિન ગ્લો અને પીગમેન્ટેશન
- એન્ટી-એજિંગ ટ્રીટમેન્ટ
- આઈ.વી. ડ્રિપ થેરાપી (IV Drip Therapy)
- ડર્મેટોસર્જરી અને પ્લાસ્ટિક સર્જરી

માસૂમ ભાણકી પર દુષ્કર્મ ગુજારી હત્યા કરનાર હેવાન મામાને ફાંસીની

સ્પેશિયલ પોક્સો કોર્ટે અમાનવીય કૃત્યને 'રેર ઓફ ધ રેરેસ્ટ' કેસ ગણી ઐતિહાસિક ચુકાદો આપ્યો, જામનગર જિલ્લામાં પોક્સો હેઠળ મૃત્યુદંડનો આ પ્રથમ કિસ્સો

રાજકોટ, તા.૯

જામનગર જિલ્લાના સિક્કા ગામમાં ૮ વર્ષની માસૂમ ભાણકી ઉપર દુષ્કર્મ આચરી હત્યા કરનાર ૩૯ વર્ષીય મામા નીતિન દોસાજી માણેકને સ્થાનિક સ્પેશિયલ પોક્સો અદાલતે ફાંસીની સજા ફટકારી દાખલારૂપ ચુકાદો આપ્યો છે. સિક્કા ગામે મામાના ઘરે જ રહેતી આ બાળકી પર ગત ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ નીતિને દુષ્કર્મ આચરી પોતાનું પાપ છુપાવવા ભાણકીનું માથું દીવાલ સાથે અથડાવીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી. આ અરેરાટીભરી ગંભીર ગુનાની ઘટના ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બની હતી.

આ ચકચારી કેસ જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આ ક્રૂર ઘટનાને 'રેર ઓફ ધ રેરેસ્ટ' કેસ માની આરોપીને કડક સજા સંભળાવી છે. પોલીસ તપાસ



દરમિયાન બાળકીના શરીર પર અલગ-અલગ સ્થળોએ કુલ ૨૩ ઈજાઓ હોવાની વિગતો સામે આવી હતી જેના કારણે કેસની ગંભીરતા વધુ વધી ગઈ હતી. કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે આરોપી સામેના આક્ષેપોને મજબૂતીથી સાબિત કરવા માટે કુલ ૨૩ સાક્ષીઓની જુબાની નોંધાવવામાં આવી હતી અને કેસ સાથે સંકળાયેલા ૯૫ જેટલા દસ્તાવેજી પુરાવાઓ પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે રજૂ થયેલા નક્કર પુરાવાઓ અને સરકાર પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાનમાં રાખીને નીતિન દોસાજી માણેકને દુષ્કર્મના ગુનામાં આજીવન કેદ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ તેમજ દુષ્કર્મ સાથે હત્યાના ગુનામાં સીધી ફાંસીની સજા ફટકારી છે. જામનગર જિલ્લામાં પોક્સો વિથ મર્ડર કેસમાં કોઈ આરોપીને ફાંસીની સજા ફટકારવામાં આવી હોય તેવો આ પ્રથમ કિસ્સો હોવાનું કહેવાઈ રહ્યું છે.

સરકારે માંગણીઓ સ્વીકારતાં આંદોલન પરત ખેંચાયું, અરજદારોને મળશે રાહત

મહેસૂલી કર્મચારીઓની હડતાળ સમેટાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં સરકાર અને 'ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ' વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી અને ક્લાર્કના પ્રશ્નો અંગે ચાલી રહેલું રાજ્યવ્યાપી આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચાયું છે. સરકારે તમામ વ્યાજબી માંગણીઓ ઝડપથી ઉકેલવાની ખાતરી આપતાં લાખો અરજદારો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.

નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી અને ક્લાર્ક સંવર્ગના વિવિધ સળગતા પ્રશ્નો અંગે ચાલી રહેલા રાજ્યવ્યાપી આંદોલનનો અંતે ઉકેલ આવ્યો છે. સરકાર સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ 'ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ' દ્વારા આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની જાહેરાત કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે. આ નિર્ણયથી છેલ્લા કેટલાક દિવસોથી દાખલા અને પ્રમાણપત્રો માટે પરેશાન થઈ રહેલા લાખો અરજદારો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે.નકશા જુઓ

ગાંધીનગર ખાતે પ્રવક્તા મંત્રી, મહેસૂલ રાજ્ય મંત્રી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. જેમાં મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગભાઈ પરમાર સહિતના પ્રતિનિધિમંડળે પડતર માંગણીઓ અંગે વિગતવાર રજૂઆતો કરી હતી.બેઠક બાદ માહિતી આપતાં પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે કર્મચારીઓના પ્રશ્નો અંગે હકારાત્મક વલણ અપનાવી તમામ વ્યાજબી માંગણીઓનો ઝડપી ઉકેલ લાવવા ખાતરી આપી છે. મહેસૂલ રાજ્ય મંત્રીએ પણ ઉમેર્યું હતું કે સામાન્ય નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે તે હેતુથી આ વાટાઘાટો યોજવામાં આવી હતી.

મહામંડળની આંદોલન સમેટવાની જાહેરાત

સરકાર તરફથી મળેલી ખાતરી બાદ મહામંડળના પ્રમુખે આંદોલન મોકૂફ રાખવાની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રજૂ કરવામાં આવેલા પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલતા દાખવી બાંહેધરી આપવામાં આવી હોવાથી આંદોલન સમેટી લેવાનો નિર્ણય કરાયો છે. આ સાથે જ રાજ્યભરની મામલતદાર કચેરીઓમાં સરકારી કામગીરી પુનઃ પૂર્વવત થઈ જશે.

વિવેક ગઢવીને LL.M.માં ગોલ્ડ

૬૧મા પદવીદાન સમારંભમાં બે ગોલ્ડ મેડલથી સન્માનિત

રાજકોટ, તા.૯

રાજકોટના યુવા એડવોકેટ વિવેક વી. ભાંસળીયા (ગઢવી)એ કાયદાના અભ્યાસ ક્ષેત્રે પોતાની શૈક્ષણિક શ્રેષ્ઠતાનો સિલસિલો આગળ ધપાવ્યો છે. અગાઉ LL.B.માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા બાદ હવે ક્ક.ખ.ના અભ્યાસક્રમમાં પણ સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ મેળવીને તેમણે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલા ૬૧મા પદવીદાન સમારંભમાં તેમને આ ઉત્કૃષ્ટ શૈક્ષણિક



દેખાવ બદલ બે પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારંભમાં રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગા તથા બેંગલુરુના સાયન્ટિસ્ટ પ્રો. કે. એસ. નારાયણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દિગ્ગજોની ઉપસ્થિતિમાં વિવેક ગઢવીને શ્રી રતિલાલ અભેચંદ મણિયાર ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત 'શ્રી રસિકલાલ રતિલાલ મણિયાર ગોલ્ડ મેડલ' અને 'વકીલ શ્રી શરદચંદ્ર એસ. ઝવેરી ગોલ્ડ મેડલ' એનાયત કરવામાં આવ્યા હતા.

રાજકોટના વિવિધ વિસ્તારોમાંથી પાંચ યુવતીઓ લાપતા

રાજકોટ જિલ્લા અને તાલુકા પોલીસ મથકોમાં નોંધાઈ ફરિયાદ : થોરાળા, આજીડેમ, તાલુકા અને માલવિયાનગર પોલીસ દ્વારા શોધખોળ શરૂ

રાજકોટ, તા.૯

થોરાળા પોલીસ મથક વિસ્તારમાંથી ૧૮ વર્ષીય ધ્વનીબેન ગુમ રાજકોટના લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં. ૧૧ ની સામે સાગર પાનની બાજુમાં રહેતા નીતાબેન દીપકભાઈ મકવાણાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે કે તેમની ૧૮ વર્ષીય દીકરી ધ્વનીબેન પોતાના ઘરેથી ગુમ થયેલ છે. ધ્વનીબેને લાલ કલરનો ડ્રેસ પહેરેલ છે.ધોરણ ૯ સુધીનો અભ્યાસ ધરાવે છે. આ અંગેની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ નિલેશ ડામોર ચલાવી રહ્યા છે.

આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ લાખાપર ગામના રહેવાસી કિશન નિલેશભાઈ ધરેજીયાએ જાહેર કર્યું છે કે તેમની ૨૧ વર્ષીય બહેન સંજનાબેન ગત ૮મી ઓક્ટોબરના રોજ સવારના ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળી ગયેલ છે અને હજુ સુધી પરત આવેલ નથી. જેની તપાસ હેડ કોન્સ્ટેબલ એમ. ડી. મુંધવા કરી રહ્યા છે. આ ઉપરાંત આજીડેમ પોલીસ મથકમાં જ નોંધાયેલા અન્ય એક બનાવમાં મૂળ યુ.પી.ના અને હાલ રાજકોટમાં શીતળાધાર સરદાર ગૌશાળાની બાજુમાં શેરી નં ૩૪ માં રહેતા અજયભાઈ ચંદ્રમા ચૌહાણે પોતાની ૧૮ વર્ષીય પુત્રી સુસ્મિતા ગત ૯મી ઓક્ટોબરના



રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળી જઈ ગુમ થયાની જાણ કરી છે. આ બનાવની તપાસ એ.એસ.આઈ. એચ. વી. મારવણીયા ચલાવી રહ્યા છે.

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત અનુસાર મવડી શ્રી હરી સોસાયટી શેરી નંબર ૧૪ માં રહેતા સુરેશભાઈ જેસીંગભાઈ ચૌહાણે પોતાની ૨૫ વર્ષીય દીકરી અવનીબેન ગુમ થયાની જાહેરાત આપી છે. અવનીબેન ગત ૯મી ઓક્ટોબરના રોજ સવારના ૪ વાગ્યાની આસપાસ કોઈને કહ્યા વગર ડિપ્રેશનમાં આવી જતા પોતાના ઘરેથી નીકળી ગયેલ છે. તેઓ ૧૨ પાસ અને અપરણીત છે. આ કેસની વધુ તપાસ એ.એસ. આઈ. જે. વાય. ગોહિલ કરી રહ્યા છે.

જ્યારે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ગોંડલ રોડ એસ.ટી. વર્કશોપ પાછળ ગોકુલનગર સોસાયટી શેરી નં. ૦૧ માં રહેતા શૈલેષભાઈ ખીમજીભાઈ સાગઠીયાએ પોતાની ૧૮ વર્ષીય દીકરી નયનાબેન ગુમ થયા અંગે જાણ કરી છે. નયનાબેન ગત ૮મી ઓક્ટોબરના સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયેલ છે. આ બનાવની આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ જે. એમ. પીપળીયા ચલાવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ ગાજશે

શાસક-વિપક્ષે પ્રશ્નોનો રચ્યો 'ચક્રવ્યૂહ'

રોડ-પાણી, ભ્રષ્ટાચાર, ખર્ચ અને સગવડો અંગે તીખા પ્રહારો! : ૧૭ના રોજ મળનારી સામાન્ય સભામાં કોર્પોરેટરોએ પ્રશ્નોનો ઢગલો કર્યો

રોડ-પાણીના કોન્ટ્રાક્ટરોની કુંડળી, પ્રવેશદ્વારોની દુર્દશા, આવાસ યોજનાના ધાંધિયા અને કરોડોના સાંસ્કૃતિક ખર્ચ સામે સવાલોના તીર

રાજકોટ, તા. ૯

જ્યારે રામબાણ જેવા પ્રશ્નો સામાન્ય સભામાં ઊભા થાય, ત્યારે મહાપાલિકાનું બોર્ડ માત્ર સભા ગૃહ નથી રહેતું પણ સવાલોનો અખાડો બની જાય છે. રાજકોટ મહાનગરપાલિકાનું આગામી તા. ૧૭ના રોજ મળનારું જનરલ બોર્ડ કંઈક આવા જ તોફાની એંધાણ આપી રહ્યું છે. મનપાના ઇતિહાસમાં કદાચ પહેલીવાર એવું બની રહ્યું છે કે જ્યાં શાસક પક્ષ ભાજપના જ પોતાના કોર્પોરેટરોએ સ્વપક્ષીય વહીવટદારો અને અધિકારીઓ સામે પ્રશ્નોનું મોટું શસ્ત્રાગાર ઊભું કરી દીધું છે, તો બીજી તરફ વિપક્ષ કોંગ્રેસે પણ કરોડો રૂપિયાના હિસાબો માંગીને ઘેરાબંધી આકરી કરી દીધી છે. શહેરના નબળા રોડ-રસ્તા, પાણીની લાઈનો, અડધા પડધે અટકેલી આવાસ યોજનાઓથી લઈને સાંસ્કૃતિક કાર્યક્રમોના નામે થયેલા આડેધડ ખર્ચાઓ અંગે પ્રશ્નોનો એવો ઢગલો થયો છે કે જેનાથી મનપાના ઉચ્ચ અધિકારી વર્ગમાં અત્યારથી જ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ સમગ્ર કવાયતમાં બોર્ડના પ્રથમ ક્રમે જ વોર્ડ નં. ૧ના કોર્પોરેટર રક્ષિત કલોલાના પ્રશ્નો મનપાના વિવાદાસ્પદ અને નબળી કામગીરી કરતા કોર્પોરેટરોના તંત્ર પર સીધો ઘા કરશે. શહેરની હદમાં બનતા રોડ-રસ્તા અને પાણીની પાઈપલાઈનના કામોમાં કયા કોન્ટ્રાક્ટરો કામ કરી રહ્યા છે, તેમાંથી કેટલા કોન્ટ્રાક્ટરોની મુદત પૂરી થઈ જવા છતાં કયા કારણોસર તેને રિન્યુ કરી આપવામાં આવ્યા તે અંગેની વિગતો મંગાઈ છે. આટલું જ નહીં, પરંતુ કાર્યકાળ દરમિયાન નબળી કામગીરી બદલ કેટલા કોન્ટ્રાક્ટરોને નોટિસ આપવામાં આવી અને તેમની સામે શું નક્કર કાર્યવાહી કરાઈ તે તમામ બાબતોનો ચિટ્ઠો માંગવામાં આવતા જ રોડ-રસ્તા વિભાગમાં દોડધામ મચી ગઈ છે.

ત્યારબાદ બીજા ક્રમે વોર્ડ નં. ૯ના કોર્પોરેટર રાજુભાઈ અઘેરાના પ્રશ્નોએ મનપાની કામગીરીની વધુ એક વિસંગતતા ખુલ્લી પાડી છે. શહેરમાં પ્રવેશતા મુખ્ય પ્રવેશદ્વારોની આજના દિવસે શું હાલત છે, તેને વિકસાવવાનું કોઈ કાયમી આયોજન છે કે કેમ અને ઉચ્ચ અધિકારીઓ ક્યારેય આ સ્થળોની સાઈટ વિઝિટ કરવા જાય છે કે નહીં તેવા આકરા સવાલો પૂછવામાં આવ્યા છે. આ ઉપરાંત, મનપા હસ્તકની આવાસ યોજનાઓ બની ગયા પછી પણ લાભાર્થીઓને ફાળવ્યા વિના શા માટે પડતર



રાખવામાં આવી છે અને મનપાની કરોડોની માલિકીની કોમર્શિયલ બિલ્ડિંગોમાંથી હાલ કેટલી ભાડાની આવક થઈ રહી છે તેનો હિસાબ માંગીને તંત્રને કટઘરામાં ઊભું કરી દીધું છે.

વિપક્ષ તરફથી વોર્ડ નં. ૧૫ના મહિલા સભ્ય સુધાબા વાઘેલાએ મનપાના સાંસ્કૃતિક વિકાસ વિભાગના ખર્ચાઓ સામે આક્રમક મોરચો માંડ્યો છે. તેમણે છેલ્લા બે વર્ષમાં વિવિધ કાર્યક્રમો પાછળ થયેલા કરોડો રૂપિયાના ખર્ચનો હેતુ, સ્ટેન્ડિંગ કમિટી કે જનરલ બોર્ડમાં મેળવેલી પૂર્વ મંજૂરીઓ અને દરેક ખર્ચની મંજૂરીની તારીખ સહિતની વિગતો માંગીને સાંસ્કૃતિક ખર્ચના નામે થતી કથિત ગડબડો પર સીધો સવાલ ઉઠાવ્યો છે.

જનહિત અને પ્રજાકીય આરોગ્યને સ્પર્શતા સવાલો સાથે વોર્ડ નં. ૧૭ના કોર્પોરેટર કૌશિકભાઈ ટાંકે આંગણવાડીમાં બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા, ફૂડ વિભાગના ચેકિંગ અને ખુલ્લામાં વેચાતી મીઠાઈ કે ફરસાણ પર 'એક્સપાયરી ડેટ' દર્શાવવાના નિયમોના અમલીકરણ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ સિવાય, નવરાત્રી જેવા તહેવારોમાં કોર્પોરેશનના મેદાનો ભાડે આપવાના નીતિ-નિયમો તથા ધારાસભ્યો અને સાંસદોને મળતી ગ્રાન્ટની રકમ સીધી વપરાય છે કે કોર્પોરેશન સાથેના સંકલનથી ફાળવાય છે તેની સ્પષ્ટતા માંગી છે.

વોર્ડ નં. ૧૧ના કોર્પોરેટર મહેશભાઈ પીપરીયાએ મનપામાં ભળેલા નવા સીમાડાઓ અને બજેટની ફાળવણી અંગે અવાજ બુલંદ કર્યો છે. તેમણે સ્ટ્રીટ લાઈટના નવા પોલ ઉભા કરવા માટે કોર્પોરેટર ગ્રાન્ટ સિવાય બજેટમાં કોઈ અલગ જોગવાઈ છે કે નહીં, ભૂગર્ભનું પાણી ખુલ્લા વોકળામાં છોડાતા ફેલાતી ગંદકી અને રોગચાળા સામે કાયમી પ્રોજેક્ટનું આયોજન છે કે નહીં, તેમજ નવા ભળેલા વિસ્તારોમાં રસ્તા, પાણી, ગટર અને ડ્રેનેજ જેવી પાયાની સુવિધાઓ આપવા માટે કોઈ સમયમર્યાદા (ટાઈમ લિમિટ) નક્કી કરાઈ છે કે નહીં તેની તમામ વિગતો માંગતા નવ-સમાવિષ્ટ વિસ્તારોના પ્રશ્નો પણ ગાજશે.

આ પ્રશ્નોના વંટોળ વચ્ચે જનરલ બોર્ડના એજન્ડા પર ૭ મહત્ત્વપૂર્ણ દરખાસ્તો પણ મંજૂરી અર્થે રજૂ થનાર છે. જેમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે માન્ય ખેડૂતોને જગ્યા ફાળવવી, મ્યુનિસિપલ કોર્ટની જરૂરિયાત અને ખર્ચ ધ્યાને લઈ તેને બંધ કરવાની મંજૂરી આપવી, વોર્ડ નં. ૧૨ની ટાઉનશિપની દુકાનોની હરરાજી કરવી, અને પૂજ્ય મોરારીબાપુની રામકથા માટે રેસકોર્સનું મેદાન વિનામૂલ્યે ફાળવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મિલાવટી ખાદ્ય પદાર્થો સામે કાયદો વધુ કડક બનાવવો, ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોમાં મોડલ બાયલોઝ અમલમાં મૂકવા અને મનપાના સર્વોચ્ચ 'મેયર એવોર્ડ'નું નામ બદલીને "રાજકોટ ગૌરવ મેયર એવોર્ડ" કરવા જેવી દરખાસ્તો પર આ બોર્ડમાં આખરી મહોર મારવામાં આવશે.

મનપાએ ૧૦ હજારથી વધુ રોગચાળાના હોટસ્પોટ શોધ્યા

ડ્રોન-AIના દમ પર મચ્છર યુદ્ધ



રાજકોટ, તા. ૯

રાજકોટ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને પાણીજન્ય રોગચાળાને નાથવા માટે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે હાઈટેક એક્શન પ્લાન અમલમાં મૂક્યો છે. પરંપરાગત પદ્ધતિઓની સાથે હવે આધુનિક ડ્રોન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સમન્વય કરીને શહેરના મોટા વિસ્તારમાં સંભવિત રોગચાળાના કેન્દ્રો પર સીધો પ્રહાર કરવામાં આવી રહ્યો છે. મનપા દ્વારા શહેરના કુલ ૧૬૧.૮૫ ચો.કિ.મી. વિસ્તાર પૈકી ૯૫.૨૭ ચો.કિ.મી. વિસ્તારમાં (જેમાં વોર્ડ નં. ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૧૧, ૧૨, ૧૩ અને ૧૮ નો સમાવેશ થાય છે) ડ્રોન આધારિત સર્વે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. આ ડ્રોન સર્વે દરમિયાન કેમેરા અને અંઈ વિશ્લેષણ દ્વારા ૧૦,૩૩૩ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળો (બ્રીડિંગ સોર્સ) શોધી કાઢવામાં આવ્યા છે, જેમાંથી ૫,૬૦૫ સ્થળો પર ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા તાત્કાલિક દવા છંટકાવ અને સોર્સ રિડક્શનની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત નદીના પટ, વોકળા, અને જ્યાં પરંપરાગત રીતે જવું મુશ્કેલ કે જોખમી છે તેવા વિસ્તારોમાં ડ્રોન દ્વારા કુલ ૧૪૯ કલાકથી વધુ સમય જંતુનાશક દવાનો એરિયલ છંટકાવ કરાયો છે.

બીજી તરફ, વાહકજન્ય રોગ નિયંત્રણ ટીમ દ્વારા એક સપ્તાહ દરમિયાન સઘન ઘર-ઘર સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ હેઠળ આરોગ્ય સ્ટાફ, અર્બન આશા અને ખડેપ્ઠ દ્વારા કુલ ૧,૦૩,૩૫૯ ઘરોમાં પોરાનાશક (લાર્વિસાઇડ) કામગીરી કરાઈ હતી, જ્યારે ૯૫૩ ઘરોમાં ફોગીંગ હાથ ધરાયું હતું. મચ્છરોની વધુ ઘનતાવાળા વિસ્તારો અને જાહેર રસ્તાઓ પર વહિકલ માઉન્ટેડ ફોગીંગ મશીનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે રહેણાંક સિવાયના ૩૦૩ પ્રીમાઈસીસ જેવાં કે બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, ભંગારના ડેલા, સેલર અને પાર્ટી પ્લોટ વગેરેમાં તપાસ કરવામાં આવી હતી, જ્યાં મચ્છરોના પોરા મળી આવતા રહેણાંક વિસ્તારમાં ૨૬૦ અને કોમર્શિયલ ક્ષેત્રે ૩૭ આસામીઓને નોટિસ આપી વહીવટી ચાર્જ વસૂલવાની કડક દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.

માત્ર મચ્છરજન્ય જ નહીં, પરંતુ પાણીજન્ય રોગચાળાને અટકાવવા માટે પણ મનપાના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા ૨,૪૭,૩૨૩ જેટલી વસ્તીને આવરી લેતું સઘન સર્વેલન્સ હાથ ધરાયું હતું. આ કામગીરી દરમિયાન નાગરિકોને ૪,૬૬૪ ક્લોરીન ટેબ્લેટ અને ૮૮૯ ઘજ્જ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું, તથા પીવાના પાણીની શુદ્ધતા ચકાસવા માટે ૨,૬૭૧ સ્થળોએ છઈ. (રેસિડ્યુઅલ ક્લોરીન) ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

VIP સ્વાગત વચ્ચે કલેક્ટર કચેરીમાં વહીવટ ઠપ્પ

૪૫૦ મહેસૂલી કર્મચારીઓની હડતાળથી દરરોજ ૨૫૦૦થી વધુ અરજદારો રામભરોસે

રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લામાં એક તરફ રાજ્યપાલ, મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓના હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમોને લઈને સરકારી તંત્ર દોડધામ કરી રહ્યું છે, તો બીજી તરફ પ્રજાના દૈનિક કામો સંભાળતું મુખ્ય વહીવટી માળખું સાવ ખોરવાઈ ગયું છે. કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી અને મામલતદાર ઓફિસના આશરે ૪૫૦ જેટલા મહેસૂલી કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતાં સમગ્ર વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. નેતાઓ અને મંત્રીઓની આગતા-સ્વાગતમાં મશગૂલ સરકારી બાબુઓને કચેરીના ધક્કા ખાતી સામાન્ય જનતાની હાલાકી જોવાનો સમય નથી.

હડતાળના સતત બીજા દિવસે પણ જનસેવા કેન્દ્ર, બિનખેતી શાખા, મહેસૂલ શાખા, મહેકમ શાખા અને ખાસ શાખા સહિતના મહત્વના વિભાગોમાં કામગીરી સંપૂર્ણપણે અટકી પડી છે. પ્રતિદિન ૨૫૦૦થી વધુ અરજદારો પોતાના આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો, સિનિયર સિટીઝન સર્ટિફિકેટ, રેશનકાર્ડ અને ખેડૂતોના અત્યંત મહત્વના એવા ૭/૧૨ના ઉતારા કઢાવવા માટે દૂર-દૂરથી કચેરીએ પહોંચી રહ્યા છે. પરંતુ, ત્યાં કર્મચારીઓ ગેરહાજર હોવાથી માત્ર અરજીઓ સ્વીકારીને ટેબલ પર મૂકી દેવામાં આવે છે, આગળ કોઈ ફાઈલ ચાલતી જ નથી.



અરજદારોની આ ભારે રઝળપાટ વચ્ચે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, અધિક કલેક્ટર જય બારોટ, પ્રાંત અધિકારીઓ અને મામલતદારો સહિતનું ઉચ્ચ અધિકારી મંડળ સાવ વામણું પુરવાર થયું છે. કચેરીએ આવતી જનતાની હેરાનગતિ અંગે જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે અધિક કલેક્ટર જય બારોટે કોઈપણ જવાબદારી સ્વીકારવાને બદલે અત્યંત બેજવાબદાર અને લૂલો બચાવ કરતાં જણાવ્યું હતું કે, અમે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી નથી, અરજદારો હેરાન થાય છે એ વાત સાચી પરંતુ અમારે ૪૫૦ જેટલો સ્ટાફ લાવવો ક્યાંથી?

બીજી તરફ કર્મચારીઓ પોતાના આંદોલનને ઉગ્ર બનાવી રહ્યા છે. ૧૪થી વધુ વ્યાજબી માંગણીઓ અંગે સરકારે હજુ સુધી કોઈ હકારાત્મક નિર્ણય ન લેતાં લડત ચાલુ રાખવામાં આવી છે. કર્મચારીઓએ આજે કલેક્ટર કચેરીના ગાર્ડનની સફાઈ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આગામી દિવસોમાં રક્તદાન કેમ્પ યોજીને સરકાર સામે અવાજ ઉઠાવવાની જાહેરાત કરી છે.

આ સમગ્ર વિવાદ પાછળ માત્ર જૂની માંગણીઓ જ નહીં, પરંતુ સ્થાનિક સ્તરે કલેક્ટરનું અણઘડ વહીવટી વલણ પણ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. બે મહિના પૂર્વે રાજ્યના મહેસૂલી વિભાગ દ્વારા નાયબ મામલતદારોની ૭ દિવસમાં આંતરિક બદલી કરવા માટે સ્પષ્ટ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. છતાં કલેક્ટર ડો. ઓમ પ્રકાશે હજુ સુધી આ બદલીઓ કરી નથી અને પરિપત્રની સરેઆમ અવગણના કરી રહ્યા છે. વહીવટી તંત્રની આ હઠધર્મિતા અને સરકારની ઉદાશીનતાના કારણે આજે રાજકોટની સામાન્ય પ્રજા ભારે મુશ્કેલી ભોગવી રહી છે.

શહેરની ૩૯ પેઢીઓમાં સરપ્રાઈઝ ચેકિંગ, ખાદ્યપદાર્થોના સેમ્પલ લેબમાં મોકલાયા

મહાનગરપાલિકાની ફૂડ શાખા લાલઘૂમ

ભેળસેળ અને અસ્વચ્છતા સામે RMCનું કડક વલણ: પંજાબી પફ, મરચાં પાવડર અને ગ્રેવીના નમૂના લેવાયા

રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી અટકાવવા અર્થે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ ચેકિંગ હાથ ધરીને એક જ દિવસમાં કુલ ૩૯ જેટલી વેપારી પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શંકાસ્પદ જણાતા ૩ ખાદ્યપદાર્થોના નમૂના લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

મનપાની ફૂડ શાખા દ્વારા લેવાયેલા નમૂનાઓમાં કોઠારીયા મેઈન રોડ પર નીલકંઠ સિનેમા બિલ્ડીંગમાં આવેલ ઝેપોલી ફૂડ્ઝમાંથી પંજાબી પફ (પ્રિપેર્ડ ફૂડ લૂઝ) તેમજ હરિધવા રોડ પર આવેલ શ્રી પટેલ ફેમીલી રેસ્ટોરન્ટમાંથી લાલ મરચાં પાવડર (લૂઝ) અને પંજાબી ગ્રેવી (પ્રિપેર્ડ ફૂડ લૂઝ) નો સમાવેશ થાય છે.

તપાસ ઝુંબેશ દરમિયાન ટીમ દ્વારા શહેરના જંક્શન મેઈન રોડ, ગોંડલ રોડ, રાજનગર ચોક અને માલવિયા કોલેજ રોડ સહિતના વિસ્તારોની પેઢીઓમાં તપાસ કરાઈ હતી. જેમાં જંક્શન મેઈન રોડ પર આવેલ હરી વેરાયટી સ્ટોર, દવાઈ ઈન્ડિયા ફાર્મસી, ભારમલ સ્ટોર, મહાવીર એન્ટરપ્રાઇઝ, ભાગ્યલક્ષ્મી સેલ્સ એજન્સી, ભગવતી એન્ટરપ્રાઇઝ, સ્વામિનારાયણ ફરસાણ, શિવશક્તિ સ્વીટ એન્ડ નમકીન, બર્ગર ભાઉ, ધ ડેઝર્ટ સ્ટુડિયો, સુખસાગર કોલ્ડ્રીંક્સ, જય ગુરુદેવ વસ્તુ ભંડાર, સતનામ જનરલ સ્ટોર, ગુરુકૃપા





ચાઈનીઝ પંજાબી, મહાલક્ષ્મી સેલ્સ એજન્સી, વાહેગુરુ સેલ્સ એજન્સી, અંબિકા નમકીન, ઘનશ્યામ ફાસ્ટ ફૂડ, સ્વીકાર રેસ્ટ્રો, બજરંગ મેડિકલ સ્ટોર અને ગાયત્રી સેલ્સ એજન્સીની ચકાસણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ગોંડલ રોડ પર ઈંધઈ પેટ્રોલ પંપ તથા પટેલ કન્યા છાત્રાલય પાછળ આવેલ બજરંગ પાન, શ્રીજી એન્ટરપ્રાઇઝ, ચામુંડા ફાસ્ટ ફૂડ, ક્રિષ્ના પાણીપુરી, મારુતિ પાન અને શ્રીરામ સેલ્સ એજન્સી તેમજ રાજનગર ચોક વિસ્તારમાં આવેલ રસિકભાઈ ચેવડાવાળા, જય દ્વારકાધીશ કોલ્ડ્રીંક્સ, શ્રીનાથજી ડેરી ફાર્મ, દેવાંશી મેડિસિન અને મોમાઈ આઈસક્રીમની પણ તપાસ કરાઈ હતી. માલવિયા કોલેજ રોડ પર ગરબી ચોક પાસે સ્થિત ક્રિષ્ના ડિલક્સ, ચામુંડા હોટલ જલારામ ગોલા, જલારામ આઈસ્ક્રીમ એન્ડ કેન્ડી, બાલાજી દાળ પકવાન અને આશાપુરા દાળ પકવાન સહિતની ૩૯ પેઢીઓમાં ચેકિંગ હાથ ધરાયું હતું. રાજકોટ મનપાના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા આગામી દિવસોમાં પણ જાહેર ક્ષેમકુશળતા માટે આવી સઘન તપાસ ચાલુ રાખવામાં આવશે તેમ જણાવાયું છે.

ગોંડલ-હિરાસર સિક્સલેન પ્રોજેક્ટ અંતર્ગત

સત્તર ગામોના ખેડૂતોની સુનાવણી પૂર્ણ

જમીન સંપાદનનો માર્ગ સાફ, પણ જંત્રી અને બજાર ભાવ વચ્ચેના તફાવતે વળતર મુદ્દે અસંતોષનો વંટોળ

રાજકોટ, તા. ૯

રાજકોટ અને સૌરાષ્ટ્રના વાહન વ્યવહારને નવી દિશા આપવા માટે આકાર લઈ રહેલા મહત્ત્વાકાંક્ષી ગોંડલ-હિરાસર સિક્સલેન હાઈવે પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની પ્રક્રિયા હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રભાવિત થતા ૧૭ ગામોના ખેડૂતો અને જમીનમાલિકોની વાંધા અરજીઓ પર જમીન સંપાદન અધિકારી પ્રીતિબેન મોઢવાડિયા દ્વારા લેવાયેલી તમામ સુનાવણીઓ આખરે પૂર્ણ થઈ ગઈ છે. છેલ્લી સુનાવણી પીપળિયા ગામના ખેડૂતોની હાથ ધરવામાં આવી હતી, જે સાથે જ કુલ ૩૯૭ જેટલી વાંધા અરજીઓનો સવાર અને બપોરના સત્રોમાં સતત સુનાવણી યોજીને નિકાલ લાવવાનો તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા દરમિયાન કુચિયાદળ, રામપર બેટી, સાયપર, મઘરવાડા, રફાળા, ગઢકા, ઢાંઢણી, અણિયારા, પાડાસણ, ભાયાસર, કાથરોટા, પીપલાણા, નારણકા, રાજપર, અરડોઈ, રીબડા અને પીપળિયા સહિતના તમામ ૧૭ ગામોના અસરગ્રસ્તોને સાંભળી તેમની રજૂઆતો ચોપડે નોંધવામાં આવી છે.

સુનાવણીના આખરી દિવસે ૪૨ ખેડૂતોની રજૂઆતો સાંભળવામાં આવી હતી, જેમાં માત્ર આ ૪૨ ખેડૂતોની જ આશરે ૨૧૬ વીઘા જેટલી



ફળદ્રુપ જમીન કપાતમાં જઈ રહી હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, આ હાઈવેના રૂટ પર આવતી બિનખેતી (ગઅ) જમીન ઉપરાંત ૩૫ જેટલા નાના-મોટા કારખાના અને ઔદ્યોગિક એકમો પણ જમીન સંપાદનની ઝપેટમાં આવી ગયા છે, જેના કારણે ખેતીની સાથે સાથે સ્થાનિક રોજગાર અને ઉદ્યોગો પર પણ મોટી આર્થિક સટોડી આવી પડી છે.

બીજી તરફ, જમીન ગુમાવનારા ખેડૂતો અને માલિકોમાં સરકારની વળતર નીતિ સામે ભારે આક્રોશ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતો ગોંડલ-હિરાસર હાઈવેને બિનજરૂરી અને નિષ્ફળ પ્રોજેક્ટ ગણાવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે રિયલ્ટી ક્ષેત્રે થયેલા ઝડપી વિકાસના કારણે હાલમાં આ વિસ્તારમાં ૧ એકર જમીનની બજાર કિંમત રૂ. ૫ કરોડ જેટલી ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં જૂના જંત્રી દરો કે તંત્ર દ્વારા નક્કી કરવામાં આવતા અપર્યાપ્ત વળતર સામે ખેડૂતોએ આકરા પાણીએ વિરોધ દર્શાવ્યો છે. ખેડૂતોની એકસૂરે પ્રબળ માગણી છે કે જો તેમની આજીવિકા સમાન કિંમતી જમીન સંપાદિત કરવામાં આવતી હોય, તો વર્તમાન બજાર કિંમત મુજબ જ પૂરેપૂરું અને યોગ્ય વળતર ચૂકવવામાં આવે, નહીંતર આગામી દિવસોમાં આ મુદ્દો વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

અઘરો સમય..

ભાદરવે જ પાણીની અછત અને કાળઝાળ તાપ, ઉનાળો કેવો હશે?



સૌરાષ્ટ્ર માટે આ વર્ષે હવામાનનો વર્તારો અત્યંત ચિંતાજનક બની રહ્યો છે. ચોમાસું પૂર્ણ થવાના આરે છે ત્યારે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં ભાદરવાનો કાળઝાળ તાપ અને અસહ્ય બફારો લોકોની કસોટી કરી રહ્યો છે. રાજકોટ, જામનગર, જૂનાગઢ કે અમરેલી હોય, દરેક ખૂણે પીવાના અને સિંચાઈના પાણીની ખેંચ અનુભવાઈ રહી છે. ભાદરવાની ગરમીમાં જ જળાશયોના તળિયા દેખાવા લાગ્યા છે. નર્મદા યોજના અને સ્થાનિક ડેમો પર નિર્ભર રહેતા સૌરાષ્ટ્રના ગામડાંઓમાં અત્યારથી જ પાણીનું સંકટ ઘેરું બની રહ્યું છે. કપાસ અને સિંગ જેવા પાકને છેલ્લી ઘડીનું પાણી ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જો ભાદરવામાં જ આ સ્થિતિ હોય, તો આગામી ઉનાળામાં પરિસ્થિતિ કેટલી ભયાનક હશે તે વિચારવું પણ અઘરું છે.

આ પ્રાદેશિક સમસ્યા પાછળ વૈશ્વિક સ્તરે થઈ રહેલું મોટું પર્યાવરણીય પરિવર્તન જવાબદાર છે. હવામાન ક્ષેત્રે હાલમાં 'અલ નીનો' નામની અત્યંત વિપરીત અને વિનાશક આફત જોવા મળી રહી છે. પેસિફિક મહાસાગરના મધ્ય અને પૂર્વ ભાગમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ૩.૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી ગયું છે.

છેલ્લા ૭૬ વર્ષમાં, એટલે કે ૧૯૫૦ પછી સમુદ્ર આટલી હદે ગરમ થવાની આ સૌથી ગંભીર ઘટના છે. આ પરિસ્થિતિને હવામાન નિષ્ણાતો 'સુપર-ડુપર અલ નીનો' કહી રહ્યા છે. દરિયાઈ સપાટી પર સતત વધતી આ ગરમીને કારણે વૈશ્વિક પવનોની દિશા બદલાઈ છે, જેના કારણે ચોમાસાની આબોહવા અનિયમિત બની ગઈ છે.

સૌરાષ્ટ્રમાં સર્જાયેલી પાણીની અછત અને કાળઝાળ ગરમી આ વૈશ્વિક ગ્લોબલ વોર્મિંગ અને અલ નીનોની સીધી અસર છે. જો આગામી દિવસોમાં ગરમીનો આ જ ક્રમ જળવાઈ રહેશે તો આવનારો ઉનાળો રેકોર્ડબ્રેક તાપમાન અને આકરા જળસંકટ સાથે આવશે. અત્યારથી જ પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જળસંચય નહિ કરીએ તો ઉનાળામાં સ્થિતિ વધુ વિકટ બનશે.

મોદી-શાહ-જ્ઞાનેશ કુમારે દેશને હાઈજેક કર્યું

રાહુલ ગાંધીએ કહ્યું સત્ય એ છે કે, ત્રિપુટીએ બંધારણનો નાશ કરી મતોની ચોરી કરી



નવીદિલ્હી, તા. ૯

રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર લોકશાહીની હત્યા કરવાનો આરોપ લગાવ્યો. ગુનાહિત ષડયંત્ર દ્વારા દેશને હાઈજેક કરવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે આ લોકોને ન્યાય અપાવવાની અમારી ગેરંટી છે. તેમણે કહ્યું કે ભારતની લોકશાહી અને બંધારણ છેલ્લા ૧૦-૧૫ વર્ષથી નાશ પામ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમાર અને તેમના પસંદ કરેલા લોકોએ દેશમાં લોકશાહીની હત્યા કરી છે. અમે કર્ણાટક, મહારાષ્ટ્ર, હરિયાણા અને દરેક જગ્યાએ પુરાવા બતાવ્યા છે, અને ધીમે ધીમે લોકો તેના પર વિશ્વાસ કરવા લાગ્યા છે. થોડા દિવસો પહેલા, બે ચૂંટણી કમિશનરોએ જ્ઞાનેશ કુમારને પત્ર લખીને કહ્યું હતું કે ભારતની ચૂંટણી વ્યવસ્થા પડી ભાંગી છે.

વિરોધ પ્રદર્શનો અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે હવે જે થઈ રહ્યું છે તે ભારતના લોકોને ન્યાય અપાવવાની પ્રક્રિયા છે. સરકારી અધિકારીઓ અને વરિષ્ઠ અધિકારીઓ અમને ફોન કરીને આ રોકવાનું કહી રહ્યા છે. પરંતુ આ પ્રક્રિયા હવે શરૂ થઈ ગઈ છે; તેને રોકી શકાતી નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે આ પહેલી રાજકીય કાર્યવાહી હશે, ત્યારબાદ સરકાર બદલાશે. સરકાર બદલાયા પછી, ભારતીય લોકશાહીનો નાશ કરવા માટે જવાબદાર લોકોની ઓળખ કરવા માટે તપાસ હાથ ધરવામાં આવશે. આ પછી, નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમાર, મોહન ભાગવત અને તેમના સહયોગીઓને સૌથી કઠોર સજાનો સામનો કરવો પડશે. રાહુલ ગાંધીએ કહ્યું કે ''સામાન્ય રીતે, હું જે કહું છું તે થાય છે. તમે જોશો, આ પ્રક્રિયા આ ચાર કે પાંચ લોકોને ન્યાયના કઠેડામાં લાવશે.''

રાહુલે ભારપૂર્વક કહ્યું કે આ લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે, અને આ ભારત જોડાણની ગેરંટી છે. રાજઘાટ તરફ વિપક્ષી નેતાઓની કૂચ પહેલાં, રાહુલ ગાંધીએ કહ્યું કે આશરે ૩૦૦ સાંસદો શાંતિપૂર્ણ ધરણા કરવા માંગતા હતા, પરંતુ તેમને આગળ વધતા અટકાવવામાં આવી રહ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે વિરોધ પ્રદર્શનના પહેલા દિવસે, તેમને ચૂંટણી પંચ કાર્યાલય પાસે અટકાવવામાં આવ્યા હતા, જ્યારે બીજા દિવસે, તેમને જંતર-મંતર જતા અટકાવવામાં આવ્યા હતા, અને ''અમારા સભ્યોને માર મારવામાં આવ્યો હતો.'' રાહુલ ગાંધીએ કહ્યું કે સત્ય એ છે કે નરેન્દ્ર મોદી, અમિત શાહ, મોહન ભાગવત અને જ્ઞાનેશ કુમારે ગુનાહિત ષડયંત્ર દ્વારા દેશને હાઈજેક કર્યો છે, બંધારણનો નાશ કર્યો છે અને મતોની ચોરી કરી છે. તેમણે કહ્યું કે તેમને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. આ અમારી ગેરંટી છે, અને તમે તેને બનતું જોશો.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ભારત ગઠબંધનના તમામ સાંસદો ગાંધી સ્મારક જઈ રહ્યા છે, જ્યાં તેઓ ધરણા કરશે અને મોદી અને શાહને ભાનમાં આવે તે માટે શાંતિથી પ્રાર્થના કરશે. ખડગેએ આરોપ લગાવ્યો કે ભાજપ સરકાર લોકો પાસેથી મતદાનનો અધિકાર છીનવી રહી છે. તેમણે કહ્યું કે મોદી અને શાહ મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાન નેતાઓએ દેશને આપેલી સ્વતંત્રતા છીનવી રહ્યા છે.

દિલ્હી પોલીસના સમર્થનમાં પ્રદર્શનકારીઓ બહાર આવ્યા

મોદીજી સંઘર્ષ કરો અમે તમારી સાથે



નવીદિલ્હી, તા. ૯

રાજધાની દિલ્હીના કનોટ પ્લેસ અને જનપથ વિસ્તારમાં યુવાનોના એક જૂથે પ્રદર્શન કર્યું. યુવાનોએ આ પ્રદર્શનમાં ભાગ લીધો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થનમાં અને દિલ્હી પોલીસના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા. પ્રદર્શન દરમિયાન યુવાનોનો ઉત્સાહ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. પ્રદર્શનકારીઓએ ''મોદીજી, લડો, અમે તમારી સાથે છીએ'' અને ''દિલ્હી પોલીસ, લાઠી વાપરો, અમે તમારી સાથે છીએ'' જેવા નારા લગાવ્યા. તેઓએ ''લાંબી, લાંબી લાઠી, અમે તમારી સાથે છીએ'' જેવા નારા પણ લગાવ્યા. યુવાનોના એક જૂથ દ્વારા આયોજિત આ પ્રદર્શને જનપથ વિસ્તારમાં લોકોનું ધ્યાન ખેંચ્યું. ઘટનાસ્થળે હાજર પોલીસે પ્રદર્શનકારીઓને જાણ કરી કે વિસ્તારમાં પ્રતિબંધોને કારણે વધુ પ્રદર્શનની મંજૂરી નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ ટાંકીને, પોલીસે જણાવ્યું કે વિસ્તારમાં પ્રદર્શન પર પ્રતિબંધ અમલમાં છે.

પોલીસે પ્રદર્શનકારીઓને નિયમોનું પાલન કરવાની સૂચના આપી. પ્રદર્શનના વિગતવાર હેતુ અને ત્યારબાદની કોઈપણ પોલીસ કાર્યવાહી અંગે સત્તાવાર માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આવતીકાલના CJP વિરોધ અંગે દિલ્હી પોલીસે આજે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. સંયુક્ત પોલીસ કમિશનર નુપુર પ્રસાદે જણાવ્યું હતું કે, ''અમને કોકરોચ જનતા પાર્ટીના સહ-સંયોજક સૌરવ દાસ તરફથી ૧૦ ઓક્ટોબરના રોજ જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનની સૂચના અંગે અરજી મળી હતી. આ વિરોધ સીઈસીની જવાબદારી અંગે હતો.'' તેમણે જણાવ્યું હતું કે અરજી ફગાવી દેવામાં આવી હતી કારણ કે સૂચના ખૂબ ઓછી આપવામાં આવી હતી, જ્યારે નિયમો મુજબ પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન પહેલાં ૧૦ દિવસની સૂચના જરૂરી છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પાર્ટીએ અગાઉના વિરોધ પ્રદર્શન દરમિયાન કાનૂની સૂચનાઓ અને તેના પોતાના ઉપક્રમનું પાલન કરવામાં નિષ્ફળ રહી હતી જેના માટે તેને પરવાનગી આપવામાં આવી હતી. યુવાનોએ દિલ્હીના કનોટ પ્લેસ અને જનપથમાં વડા પ્રધાન મોદી અને દિલ્હી પોલીસના સમર્થનમાં પ્રદર્શન કર્યું. તેઓએ ''મોદી જી, લડો, અમે તમારી સાથે છીએ'' જેવા સૂત્રોચ્ચાર કર્યા.

અમે જંતર-મંતર કૂચ કરીશું

વિરોધ પ્રદર્શન પહેલાં, દીપકે આરોપ લગાવ્યો કે પોલીસ યુવકની ધરપકડ કરી રહી છે



નવીદિલ્હી, તા. ૯

કોકરોચ જનતા પાર્ટીએ ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. CJP સહિત અનેક જૂથોએ આરોપ લગાવ્યો છે કે વિરોધ પ્રદર્શન પહેલા દેશભરના વિરોધીઓને અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે. અભિજીત દીપકે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, ''૧૦ ઓક્ટોબરે અમારા વિરોધ પ્રદર્શન પહેલા, ભાજપ સરકારે દેશભરના હજારો યુવાનોને અટકાયતમાં લીધા છે. મોદી, આ ધમકી આપવાનો પ્રયાસ કામ કરશે નહીં. દેશના યુવાનો હવે તમારાથી ડરતા નથી. હું કાલે દિલ્હી પહોંચીશ અને ગમે તે થાય, જંતર-મંતર તરફ કૂચ કરીશ.''

CJP ના સહ-પ્રભારી દીપક બાલિયાનને અલવર પોલીસે અટકાયતમાં લીધા હતા. તેમની અટકાયત બાદ, કન્વીનર આશુતોષ રંકાએ જણાવ્યું હતું કે ૧૦ ઓક્ટોબરે આયોજિત વિરોધ પ્રદર્શન પહેલા પોલીસ કાર્યવાહી કરી રહી હતી. તેમણે પોલીસ પર બાલિયાનના પરિવાર અને ભાઈ પર નિર્દયતાથી હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. CJP એ જણાવ્યું હતું કે રાજસ્થાન પોલીસના વર્તનને સરમુખત્યારશાહી અને ગેરબંધારણીય ગણાવવામાં આવી રહ્યું છે, અને આંદોલનના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. CJP પાર્ટી એ વહીવટને ચેતવણી પણ આપી છે. તેમણે જણાવ્યું હતું કે જો કોઈને પણ કાયદાકીય આધારો વિના અટકાયતમાં રાખવામાં આવશે, તો રાજ્યભરમાં હિંસક વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવશે, જેના માટે પોલીસ અને વહીવટીતંત્ર જવાબદાર રહેશે. તેમણે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને દીપક બાલિયાનને તાત્કાલિક મુક્ત કરવાની પણ માંગ કરી હતી.

૨ ઓક્ટોબરથી શરૂ થયેલા દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો ચાલુ છે. આ વિરોધ પ્રદર્શનો દરમિયાન, વિરોધીઓ સતત કાયદો પોતાના હાથમાં લઈ રહ્યા છે, સરકારી સંપત્તિમાં તોડફોડ કરી રહ્યા છે. સરકારી કામમાં અવરોધ ઊભો કરવા ઉપરાંત પોલીસ કર્મચારીઓ સાથે હુમલો અને ઝપાઝપીની અનેક ઘટનાઓ નોંધાઈ છે. નવી દિલ્હી જિલ્લામાં CrPC ની કલમ ૧૬૩ અમલમાં છે, અને તેનું સતત ઉલ્લંઘન થઈ રહ્યું છે. દિલ્હી પોલીસે આ કેસોમાં કડક કાર્યવાહી કરી છે, અને ગુરુવાર સુધીમાં, આ મામલે ૨૫ FIR નોંધાઈ છે. આમાંના કેટલાક કેસોમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી સહિત અનેક વ્યક્તિઓના નામ છે. કોકરોચ જનતા પાર્ટીએ ૧૦ ઓક્ટોબરે જંતર મંતર પર વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. પાર્ટીનો આરોપ છે કે વિરોધ પ્રદર્શન પહેલા દેશભરમાં તેના કાર્યકરો અને નેતાઓની અટકાયત કરવામાં આવી રહી છે.

ઈરાન સાથે તેલ વેપાર કરવા બદલ લેવાયો નિર્ણય

અમેરિકાએ બે ભારતીય કંપનીઓ પર લાદ્યો પ્રતિબંધો

નવીદિલ્હી, તા. ૯

અમેરિકા સતત ઈરાની સરકારને મળતું ભંડોળ સંપૂર્ણપણે બંધ કરવાના નિર્ણયો લઈ રહ્યું છે. અમેરિકાએ ઈરાનને કોઈપણ દેશ સાથે તેલનો વેપાર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. પરિણામે, ઈરાન સાથે પેટ્રોલિયમ ઉત્પાદનોના વેપારમાં સંડોવણીના આરોપોને કારણે અમેરિકાએ મુંબઈ સ્થિત બે કંપનીઓ અને તેમની સાથે સંકળાયેલા પાંચ ભારતીય નાગરિકો પર પ્રતિબંધો લાદ્યા છે. ઈરાન પાસેથી પેટ્રોલિયમ ઉત્પાદનોની ખરીદીને સરળ બનાવવા બદલ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જજ્ક સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ અને સમુદ્ર મરીન સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ સામે આ કાર્યવાહી કરી છે.

જજ્ક સોલ્યુશન્સના બે અધિકારીઓ, ધ્વની અને નિસર્ગ ચોરા, અને સમુદ્ર મરીન સર્વિસિસના ત્રણ અધિકારીઓ, કેતન કોચીકર, ભૂપેન્દ્રસિંહ સાહુ અને હરિશ્યામ હરિહરન ચુંડાકટ્ટીલ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. નાણાકીય નિયમો હેઠળ, પાંચેય વ્યક્તિઓને તેમની કંપનીઓ સાથે સંબંધિત કોઈપણ નાણાકીય વ્યવહારોથી સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. ભારતીય કંપનીઓ અને વ્યક્તિઓ સામેની આ કાર્યવાહી ઓપરેશન ઇકોનોમિક આઉટકાસ્ટ હેઠળ ઈરાન સામે અમેરિકાના કડક પગલાંનો એક ભાગ છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''વિદેશ વિભાગ ઈરાની બનાવટના પેટ્રોલિયમ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોના વેપાર સાથે સંબંધિત દસ કંપનીઓ, છ વ્યક્તિઓ અને પાંચ જહાજો પર પ્રતિબંધો લાદી રહ્યું છે.'' રાજ્ય વિભાગે જણાવ્યું હતું કે આ કંપનીઓએ ઈરાની સરકારને લાખો ડોલરનું ભંડોળ પૂરું પાડ્યું છે, જે તેના આવકના સૌથી મહત્વપૂર્ણ સ્ત્રોતોમાંના એકને મજબૂત બનાવે છે અને તેની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ટેકો આપે છે. વિભાગે ઉમેર્યું હતું કે, ''અમેરિકન સરકાર ઈરાની પેટ્રોકેમિકલ ઉત્પાદનોમાં આ વેપારને સરળ બનાવતા ખરીદદારો અને વેચાણકર્તાઓ બંને પર પ્રતિબંધો લાદી રહી છે.''

અમેરિકાએ તાત્કાલિક ભારતીય કંપની, સમુદ્ર મરીન સર્વિસીસને બ્લોક કરી નથી. તેણે કંપનીને તેના બાકી વ્યવહારો, બાકી ચૂકવણીઓ અને કાગળકામ કાયદેસર રીતે પતાવટ કરવા માટે ૨૩ ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ફક્ત આ કંપનીઓને જ નહીં પરંતુ ૧૭ અન્ય કંપનીઓ અને તેમના ૧૭ ''ગુમ જહાજો'' પર પણ પ્રતિબંધ મૂક્યો છે જે ઈરાનને મદદ કરવામાં સામેલ હતા. આ ચાંચિયા જહાજો હતા જે ઈરાન માટે આવક પેદા કરવા માટે સમુદ્ર દ્વારા અન્ય દેશોમાં ગુપ્ત રીતે ઈરાની તેલ સપ્લાય કરતા હતા. અમેરિકાએ મુંબઈ સ્થિત બે કંપનીઓ અને પાંચ ભારતીય નાગરિકો પર ઈરાનને ભંડોળ રોકવા માટે પ્રતિબંધો લાદી દીધા છે, તેમના પર ઈરાનથી પેટ્રોલિયમ ઉત્પાદનોના ગેરકાયદેસર વેપારમાં સંડોવણીનો આરોપ લગાવ્યો છે.



વિકૃત ઢગાએ હદ વટાવી દીધીઃ પોતાની પત્નિની મદદથી તેની હાજરીમાં જ આચરી બળજબરી

બાળાનો દેહ પીંખી, તેની મોટી બહેનને ભગાડી!

ભોમેશ્વર વિસ્તારના નેપાળી અને તેની પત્નિ સામે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યોઃ બાળાની બહેન સાથે તે મહારાષ્ટ્ર તરફ હોવાની બાતમી પરથી પોલીસની ટીમ દોડી ગઇ

પતિ સાથે ઝઘડો થતાં માવતરે ગયેલી પત્નિએ જ પતિની વિકૃત હરકતનો ભાંડો ફોડી તેનો વિડીયો સગીરાના ભાઇને મોકલતાં સમગ્ર પ્રકરણ પોલીસ સુધી પહોંચ્યું



રાજકોટ, તા. ૯

વિકૃત ઢગાઓ ક્યારે કોને શિકાર બનાવે તે નક્કી હોતું નથી. શહેરમાં દૂષ્કર્મની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક પરણેલા નેપાળી ઢગાએ એક ચૌદ વર્ષની બાળા પર નજર ભગાડી હવસખોરીનો શિકાર બનાવી હતી. આ બાળાને પોતાના ઘરે બોલાવી પત્નિની હાજરીમાં જ ત્રણ વખત બળાત્કાર ગુજાર્યો હતો. એટલુ જ નહિ એક વખત બાળાનું કારમાં અપહરણ કરી ખોળામાં બેસાડી બિભત્સ ચાળા કર્યા હતાં. આ વખતે તેનો વિડીયો તેની પત્નિએ જ મોબાઇલ ફોનથી શૂટ કર્યો હતો! જો કે બાદમાં પતિ સાથે ઝઘડો થતાં પત્નિ માવતરે રિસામણે જતી રહેતાં આ ઢગો સગીરાને મોટી બહેન રીસામણે આવી હોઇ તેને ફસાવીને ભગાડી જતાં રોષે ભરાયેલી પત્નિએ જ પતિના કરતૂતોનો ભાંડો ફોડી સગીરાના ભાઇને વિડીયો મોકલતાં સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

ચોંકાવનારી ઘટનાની વિગતો જોઇએ તો શહેરમાં એક ૧૪ વર્ષની બાળા સાથે દૂષ્કર્મનો ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં હવસખોર નેપાળી શખ્સે પાડોશી બાળાને પોતાની પત્નિની હાજરીમાં જ ત્રણ વખત બળજબરીનો શિકાર બનાવી હતી. તેમજ એક વખત બાળાનું અપહરણ કરી કારમાં બેસાડીને પતિ-પત્નિ લઇ ગયા હતાં. ત્યારે પણ આ શખ્સે બાળાને ખોળામાં બેસાડી બિભત્સ ચાળા કર્યા હતાં અને તેની પત્નિએ આ અડપલાનો વિડીયો પણ બનાવ્યો હતો. આ ઘટનામાં વિડીયો સગીરાના ભાઇ સુધી પહોંચતાં સમગ્ર ઘટના બહાર આવી હતી. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ભોમેશ્વર વિસ્તારમાં રહેતાં મુળ નેપાળના મહેશસિંગ નેપાળી અને તેને મદદ કરનાર પત્નિ મંજુ મહેશસિંગ નેપાળી સામે દૂષ્કર્મ, પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર પાડોશી નેપાળી દંપતીએ ૧૪ વર્ષની સગીરા સાથે હેવાનીયતની તમામ હદો વટાવી દીધી હતી. પત્નિની હાજરીમાં જ પતિએ સગીરા પર ત્રણ વખત બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં કારમાં અપહરણ કરી ચાલુ ડ્રાઇવિંગે બીભત્સ અડપલાં કરી તેનો વિડીયો પણ ઉતારવામાં આવ્યો હતો. વધુ વિગતો મુજ મુળ નેપાળના અને હાલ ભોમેશ્વર વિસ્તારમાં રહેતા આરોપી મહેશસિંગ નેપાળી અને તેની પત્નિ મંજુ નેપાળી વચ્ચે થોડા દિવસ પહેલા કોઈ કારણોસર ઝઘડો થતાં પત્નિ મંજુ મધ્યપ્રદેશ પોતાના માવતરે રિસામણે જતી રહી હતી. રિસામણે ગયેલી મંજુએ ત્યાંથી તા.૧ના રોજ સગીરાના ભાઈને ફોન કરીને જાણ કરી હતી કે-તારી ૧૪ વર્ષની બહેન સાથે મારો પતિ જાતીય સતામણી કરે છે અને તેનો વિડીયો મારી પાસે છે.

આમ કહી તેણીએ વિડીયો પણ મોકલી આપ્યો હતો. મંજુએ મોકલેલા વિડીયોમાં આરોપી મહેશસિંગ કાર ચલાવતા ચલાવતા સગીરાને ખોળામાં બેસાડી બીભત્સ અડપલાં કરતો નજરે પડ્યો હતો. આ વિડીયો જોઈ પરિવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. વિડીયો સામે આવ્યા બાદ પરિવારે ૧૪ વર્ષની દિકરીની પૂછપરછ કરતાં તેણે પોતાની આપવીતી વર્ણવી હતી. ગત જુલાઈ મહિનામાં તા. ૦૫-૦૭ થી તા.૨૪-૦૭ દરમિયાન જ્યારે સગીરાના માતા-પિતા વતનમાં કામ અર્થે ગયા હતા, ત્યારે આરોપી મંજુ પોતે જ આ માસુમ દિકરીને પોતાના ઘરે બોલાવી લાવતી હતી. ત્યારબાદ તેણીની હાજરીમાં જ તેનો પતિ મહેશસિંગ બળજબરી આચરતો હતો. આવુ તેણે ત્રણ વખત કર્યુ હતું. આ સમયગાળા દરમિયાન દંપતી સગીરાનું કારમાં અપહરણ કરી પણ લઈ ગયું હતું.

જ્યાં મહેશસિંગે ચાલુ કારે સગીરા સાથે અડપલાં કર્યા હતા અને પાછળની સીટમાં બેસેલી પત્નિ મંજુએ તેનો વિડીયો ઉતાર્યો હતો. દરમિયાન આ મામલે એક નવો અને ચોંકાવનારો ઘટસ્ફોટ પણ થયો છે. ૧૪ વર્ષની પીડિતાની મોટી બહેન કે જેના દોઢ વર્ષ પહેલાં લગ્ન થયા હતાં તેણી પતિ સાથે અણબનાવ બનતા છેલા ત્રણ માસથી પિયરમાં રિસામણે આવી હતી. હવસખોર મહેશસિંગે આ મોટી બહેનને પણ પોતાનો શિકાર બનાવી હતી અને ગત તા.૧-૧૦ ના રોજ તેને ભગાડીને નાસી છૂટ્યો હતો. આ બનાવની જાણ મહેશસિંગની પત્નિ મંજુને થતાં તેણે જ ક્રોધમાં આવીને સગીરા સાથે પોતાના પતિએ ગુજારેલા દૂષ્કર્મનો ભાંડાફોડ કર્યો હતો.

સમગ્ર હકિકત જાણ્યા બાદ સગીરાના પરિવારજનો તુરંત ગાંધીગ્રામ પોલીસ મથકે દોડી ગયા હતા. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ.પી. ગઢવી સમક્ષ સમગ્ર ઘટના વર્ણવતા પોલીસે પોક્સો, દુષ્કર્મ અને અપહરણની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આરોપી મહેશસિંગ સગીરાની મોટી બહેનને ભગાડીને મુંબઈ તરફ ભાગ્યો હોવાની બાતમી મળતાં જ રાજકોટ પોલીસની એક ટીમ તેને ઝડપી પાડવા મહારાષ્ટ્ર તરફ રવાના થઇ હતી. મહેશસિંગ ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

સાત વર્ષથી ચોટીલામાં મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મેડિકલ ડિગ્રી વગર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો'તો

રાજકોટ રેન્જની ટીમે બોગસ ડોક્ટર વિશાલ સોરાણીને દબોચ્યો

રાજકોટ, તા.૯

યાત્રાધામ ચોટીલામાં લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતો એક બોગસ ડોક્ટર સુરેન્દ્રનગર એસ.ઓ.જી. શાખાના હાથે ઝડપાઈ જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા સુરેન્દ્રનગર એસપી પ્રેમસુખ ડેલુની રાહબરી હેઠળ જિલ્લામાં ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ તબીબો સામે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના અંતર્ગત એસ.ઓ.જી. ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચોટીલાની આદેશ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દરોડો પાડી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



પોલીસની તપાસ દરમિયાન ખુલ્યું હતું કે ચોટીલાની હરિધામ સોસાયટીમાં રહેતો ૩૩ વર્ષીય વિશાલ વિઠ્ઠલ સોરાણી કોઈપણ પ્રકારની માન્ય મેડિકલ ડિગ્રી ધરાવતો ન હોવા છતાં આદેશ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડોક્ટર તરીકે દર્દીઓને એલોપેથીક સારવાર આપી રહ્યો હતો. એસ.ઓ.જી.ની ટીમે સણોસરા પીએચસીના ક્લાસ-૨ ડોક્ટરની હાજરીમાં એક ડમી દર્દી મોકલીને સમગ્ર હકીકતની ચકાસણી કરી હતી, જેમાં આરોપી વિશાલ સારવાર આપતા સમયે જ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ શખ્સે કબૂલાત આપી છે કે તે છેલ્લા સાત વર્ષથી આ જ પ્રકારે મેડિકલ ડિગ્રી વગર દર્દીઓનું પરીક્ષણ કરી સારવાર કરતો હતો.

હોસ્પિટલના બોર્ડ ઉપર મોટી માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરોના નામ લખીને વાસ્તવિકતામાં કંઈક અલગ જ કારસ્તાન ચાલતું હોવાનું સામે આવતા ચોટીલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી આવી અન્ય હાટડીઓ અંગે પણ ઘનિષ્ઠ તપાસ થાય તેવી લોકમાંગ ઉઠી છે. હાલમાં આરોપી વિશાલ સામે ચોટીલા પોલીસ સ્ટેશનમાં મેડિકલ પ્રેક્ટિશનર એક્ટની કલમ ૩૦ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આરોગ્ય જેવી અતિ સંવેદનશીલ સેવામાં આવા બોગસ તબીબોની ઘૂસણખોરી સમાજ માટે મોટો ખતરો બની શકે છે, ત્યારે પોલીસની આ કડક કાર્યવાહીથી આવા ગેરકાયદેસર તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

દૂકાન અને ડેલામાં થયેલી ચોરીના ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલ્યા

આરીફ ઉર્ફે ચકીએ રીઢાની છાપ ધરાવતાં સગીર સાથે મળી બે ચોરીઓ કરી'તી

રાજકોટ તા. ૯

શહેરમાં દૂકાન અને ડેલામાં થયેલી બે ચોરીનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી રીઢા તસ્કર સહિત રીઢા સગીરને ઝડપી લીધા છે. આરીફ ચકીએ સગીર સાથે મળી આ ચોરીઓને અંજામ આપ્યો હતો. આ પૈકી બાળક સગીર અગાઉ સાત ગુનાઓમાં પોલીસ ચોપડે ચડ્યો હતો અને આરીફ પણ રીઢો ગુનેગારની છાપ ધરાવતો હતો. મોચીબજાર મેઇન રોડ પર મેટલની દુકાન અને વિરડા વાજડી ગામે ભંગારના ડેલામાં થયેલી બે ચોરીના ગુનાના ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી નાખી રીઢા બાળ તસ્કર સહિત બે આરોપીને બાતમીના આધારે ઝડપી લઇ રૂા.૧.૫૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. મોચીબજાર મેઇન રોડ પર કાડીયવાડીની બાજુમાં આવેલી સી.બી. મેટલ નામે દુકાન ધરાવતા અને દુકાન ઉપર રહેતા ભાવીનભાઇ કાગડાની દુકાનમાંથી તસ્કરો ગઇ તા.પાંચનાં રૂા.૩૫ હજારની ચોરી કરી ગયાની એ-ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ હતી.



જયારે વિરડા વાજડી ગામે ઇન્ડિયન પેટ્રોલ પંપની સામે દેવનારાણ સ્ક્રેપ નામે ભાડે થી ભંગારના ડેલો ધરાવતાં હરજીરામ ગુર્જર (રહે. વિરડા વાજડીગામ)ના ડેલામાંથી તસ્કરો ગઇ તારીખ ૧ થી ૨ની વચ્ચે ૧૦ હજારની રોકડ સહિત રૂા.૫૦ હજારની મત્તા ચોરી ગયાની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. બીજી તરફ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરાવા અને એસીપી ક્રાઇમ બી.બી. બસીયાની સુચનાને પગલે ક્રાઇમબ્રાચની ટીમે પણ બને ગુનાનો ભેદ ઉકેલવા કવાયત શરૂ કરી હતી. ક્રાઇમબ્રાંચના પી.આઇ. એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી. એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીઅસઆઇ એસ.એમ. રાણાની ટીમનાં એ.એસ.આઇ. વિજયરાજસિંહ જોડેજા, હેડકોન્સ. ભાનુભાઇ ધાંધલા અને કોન્સ. સંજયભાઇ ખાખરીયા, ધર્મેશભાઇ ખાડિખાને મળેલી બતમીના આધારે પોલીસે આરીફ ઉર્ફે ચકી ફૈઝમહમદ શેખ (ઉ.વ. ૨૫ રહે. વૈશાલીનગર શેરી નં.૧૦, સ્વામીનારાયણ મંદિર પાછળ, કાલાવડ રોડ) અને એક રીઢા બાળ તસ્કરને ઝડપી લઇ લીધો હતો.

તેની પાસેથી રૂા. ૪૦ હજારનો ૫૦ કિલો કોપર, ૨૮ હજારની રોકડ અને રિક્ષા સહિત રૂા.૧.૬૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો આરોપી આરીફ ઉર્ફે ચકી અગાઉ ચોરી અને જુગાર સહિત પાંચ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે જયારે બાળ તસ્કર ચોરીનાં ૭ ગુનામાં સંડોવાઇ ચુકયો છે. આ કામગીરી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એ.એસ.ચાવડા તથા પોલીસ ઇન્સપેકટર એમ.એલ. ડામોર તથા પોલીસ ઇન્સ્પેકટર સી.એચ. જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.એમ.રાણા તથા એ.એસ.આઇ સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જોડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ તુલસીભાઇ ચુડાસમા, લાલજીભાઇ હાડગડા, સુભાષભાઇ ઘોઘારી, ધર્મેન્દ્રભાઇ કુંચલા તથા પો. કોન્સ. સંજયભાઇ ખાખરીયા, ધર્મેશભાઇ ખાડિખાની ટીમે કરી હતી.

કરૂણ સિલસિલો યથાવત રહ્યોઃ છ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવતાં કારમો આઘાત

યુવાન-વૃધ્ધ બિમારીથી થાકતાં ઝેર પી દુનિયા છોડી

આઠ મહિના અને તેર વર્ષના બાળકોના બેભાન હાલતમાં મૃત્યુઃ ખેડૂત અને પ્રૌઢને દિલ દગો દઈ જતાં જિંદગી ખતમ થઇ ગઇ

રાજકોટ, તા. ૯

અપમૃત્યુની અલગ અલગ છ બનાવ બન્યા હતાં. જેમાં એક યુવાને ઝેર પી દુનિયા છોડી દીધી હતી. તો એક વૃધ્ધે પણ બિમારીથી કંટાળી ઝેર પી જીવ આપ્યો હતો. જ્યારે અન્ય બે ઘટનામાં આઠ મહિનાના બાળક અને એક સોળ વર્ષના બાળકના બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતાં. જ્યારે એક ખેડૂત વાડીએ હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં મોત થયું હતું. તો બીજી ઘટનામાં એક પ્રૌઢનું પણ હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો જામજોધપુરમાં રહેતાં યુવાને બિમારીથી કંટાળી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જામજોધપુરના ભગવતીપરા વિસ્તારમાં રહેતાં ભરતભાઇ લક્ષ્મણભાઇ ભેંસદડીયા નામના સાડત્રીસ વર્ષના યુવાને ગઇકાલે ઘરે ઝેરી દવા પી લેતાં સ્થાનિક સારવાર લીધા બાદ વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ દ્વારા જાણ કરાવમાં આવતાં જામજોધપુર પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા ભરતભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. માનસિક અસ્વસ્થતાને કારણે પગલુ ભર્યાનું જણાવાયું હતું. (૧૪.૬)

બીજા બનાવમાં નાના મવા રોડ ન્યુ ગાંધી સ્કૂલ સામે લેન્ડમાર્ક એપાર્ટમેન્ટ ૪૦૧ ખાતે રહેતાં વાલજીભાઇ રાઘવજીભાઇ બોદર નામના પાંસઠ વર્ષના વૃધ્ધે ગઇકાલે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા વાલજીભાઇ બોદર બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં બે દિકરા છે. પત્નિના અવસાન પછી તેઓ નાના દિકરા-વહુ સાથે રહેતાં હતાં. ગઇકાલે દિકરો-વહુ મોટા ભાઇના ઘરે ગયા ત્યારે વાલજીભાઇએ આ પગલુ ભરી લીધુ હતું. સગાના કહેવા મુજબ તેમને અનેક બિમારીઓ લાગુ પડી હતી. પાંચેક વખત તો અલગ અલગ સર્જરી કરાવી હતી. આ બિમારીઓથી કંટાળી જઇ તેમણે આ પગલુ ભરી લીધું હતું.

ત્રીજા બનાવમાં શાપર વેરાવળમાં આનંદ ગેઇટ અંદર રહેતાં અને કંપનીમાં કામ કરતાં મુળ યુપી અલીગઢના શાહરૂખ વાહેદભાઇ હુશેનના દિકરા મુસ્તુફા નામના આઠ મહિનાના દિકરાની તબીયત બગડતાં બે દિવસ પહેલા તેને સારવાર માટે રાજકોટ ખસેડાતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાયેલ. આજે સવારે તેનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ



હતી. મુસ્તુફા માતા-પિતાનું પહેલુ જ સંતાન હતો. સગાના કહેવા મુજબ તેને ઝાડા-ઉલ્ટી થઇ જતાં તબિયત બગડી હતી અને બાદમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત પોલીસને કરવામાં આવી હતી.

ચોથા બનાવમાં અમરેલીના કમીગઢ ગામે પરિવાર સાથે વાડીમાં રહેતાં મુળ મધ્યપ્રદેશના સોળ વર્ષના સગીરનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. કમીગઢમાં મહેન્દ્રભાઇની વાડીમાં રહેતાં મુળ એમપીના સુમરીયાલસિંગ મહેડાનો દિકરો સંતર પાંચમીએ બેભાન જેવો થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં અમરેલી તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સંતર ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતો. તેના સગાના કહેવા મુજબ સંતરને આંતરડાની બિમારી હોઇ અગાઉ ઓપરેશન કરાવ્યું હતું. આ પછી અચાનક પાંચમીએ તબીયત બગડી હતી અને બેભાન થઇ ગયો હતો. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

હૃદય રોગના હુમલાની બે ઘટના જોઇએ તો જાણવા મળ્યા મુજબ જસદણના ભંડારીયામાં પ્લોટ વિસ્તારમાં રહેતાં કેશુભાઇ લક્ષ્મણભાઇસોરાણી નામના પંચાવન વર્ષના પ્રૌઢે બપોરે વાડીએ હતાં ત્યારે એકાએક પડી જતાં અને બેભાન થઇ જતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભાડલા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર કેશુભાઇ પાંચ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સગાના કહેવા મુજબ હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

જ્યારે અન્ય એક બનાવમાં પણ દિલ દગો દઇ ગયું હતું. ભગવતીપરા શેરી નં. ૧૦માં રહેતાં ત્રેપન વર્ષના કરીમભાઇ ઓસમાણભાઇ ગોગદા ઘરે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કરીમભાઇ ચાર ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં અને છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ છ અલગ અલગ અપમૃત્યુની ઘટનામાં બે બાળકો સહિત છ લોકોના મૃત્યુ થતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાઇ ગયો હતો.

ઓનલાઇન તો ઠીક રૂબરૂ આવીને છેતરી જનારા પણ ઓછા નથીઃ ઠગ દંપતિએ ખેલ પાડ્યો

કાફે ફ્રેન્ચાઈઝી લેવા જતાં ૧૨ાા લાખ ગુમાવ્યા

દેખાવ પુરતુ કાફે ચાલુ કરાવ્યા પછી દંપતિ રોકડા લઇ રાતોરાત ગાયબઃ બીજી તરફ આગળ મર્ડર થયું છે, લૂંટારૂ ગેંગ રખડતી હોય તમે દાગીના કેમ પહેર્યા છે? કહી પોલીસના નામે ડરાવી ખેડૂતને બે ગઠીયા છેતરી ગયા

રાજકોટ, તા. ૯

નીતનવા નુસ્ખાઓ, તરકીબોનો ઉપયોગ કરી ગઠીયાઓ ફ્રોડ આચરતા રહે છે. ઓનલાઇનની સાથે સાથે ઓફલાઇન એટલે કે રૂબરૂ આવીને છેતરી જનારા પણ ઓછા નથી. હવે એક કોન્ટ્રાક્ટર છેતરાઇ ગયા હતાં. કેફેની ફ્રેન્ચાઇઝી અપાવવાના નામે તેમને સાડા બાર લાખનો ડામ આપી દેવાયો હતો. તેમણે સાત લાખ રોકડા દીધા હતાં અને સાડા પાંચ લાખ ફર્નિચર માટે ખર્ચી નાંખ્યા હતાં. જો કે બાદમાં કેફે શરૂ કરાવવાની ખાત્રી આપનાર ઠગ દંપતિ કેફે બંધ કરી ગાયબ થઇ ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં કાફેની ફ્રેન્ચાઇઝી આપવાના નામે ૧૨.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી થયાની ફરિયાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવાઇ હતી. ભરૂચના દંપતીએ ફ્રેન્ચાઇઝી શરૂ કરાવ્યા બાદ ટૂંકા ગાળામાં જ કાફે બંધ કરી દેતા કોન્ટ્રાક્ટરે ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ગોત્રી વિસ્તારમાં રહેતા અને છેલ્લા પચ્ચીસ વર્ષથી કન્સ્ટ્રક્શન સંબંધિત કામ કરતા હેમલભાઈ કિશોરભાઈ મુન્શી માંજલપુર ઈવા મોલ સામેના કોમ્પ્લેક્સમાં અવારનવાર આવતા હતા. ત્યાં આવેલી કેફેમાં હર્ષ પટેલ સાથે ઓળખાણ થતાં તેમણે કાફેની ફ્રેન્ચાઇઝી અંગે વાતચીત કરી હતી.

ત્યારબાદ હર્ષ પટેલે તેમની ઓળખાણ સૌરભ હેમંતરાવ શેરે સાથે કરાવી હતી. સૌરભભાઇએ કાફેની ફ્રેન્ચાઇઝીની કિંમત ૧૨.૫૦ લાખ રૂપિયા હોવાનું જણાવ્યું હતું. તેમાં ફર્નિચર કરાવી આપવાની તેમજ કામ કરવા માટે માણસોની વ્યવસ્થા કરવાની વાત કરી હતી. ફરિયાદીએ ભરૂચ ખાતે તેમની અન્ય ફ્રેન્ચાઇઝીનું કાફે પણ જોયું હતું અને ત્યારબાદ કલાલી ખાતે પોતાની દુકાનનું લોકેશન આરોપીએ જોયું હતું. બાદમાં ફ્રેન્ચાઇઝીની શરતો નક્કી થયા બાદ ફરિયાદીએ અલગ-અલગ ચેક મારફતે કુલ રૂપિયા સાત લાખ ચૂકવ્યા હતા. આ ઉપરાંત ફ્રેન્ચાઇઝીની ડિઝાઇન મુજબ ફર્નિચર પાછળ આશરે રૂ.૫.૫૦ લાખનો ખર્ચ કર્યો હતો.

આ રીતે કુલ રૂ.૧૨.૫૦ લાખનું રોકાણ થયું હતું. ફ્રેન્ચાઇઝીની શરતો



અંગે રૂ.૩૦૦ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો.આ પછી કલાલી ડિવાઇન ગેલેક્સીના જી-એફ/૧૮ ખાતે કાફે શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, શરૂ થયાના આશરે દોઢ મહિનામાં જ કાફે બંધ કરી આરોપી દંપતી જતા રહ્યા હતા. આ રીતે ફ્રેન્ચાઇઝીના નામે કુલ ૧૨.૫૦ લાખ રૂપિયા મેળવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ હેમલભાઈએ ગોત્રી પોલીસમાં નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે સૌરભ હેમંતરાવ શેરે અને તેમની પત્નિ વૈભવી સૌરભભાઈ શેરે સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આમ આ ઠગ દંપતિએ ઓનલાઇન નહિ પણ ઓફલાઇન ઠગાઇ કરી લીધી હતી.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો વડોદરા શહેરના શહેરના છાણી-દુમાડ રોડ પર ધોળા દિવસે પોલીસની ખોટી ઓળખ આપીને એક બાંસઠ વર્ષીય વૃદ્ધ ખેડૂતને લૂંટી લેવાની ચકચારમચાવતી ઘટના સામે આવી હતી. આગળ મર્ડર થયું છે અને મર્ડરવાળી ગેંગ ફરે છેં તેવો ડર બતાવીને બે ગઠિયાઓએ ખેડૂત પાસેથી અઢી લાખની કિંમતના સોનાના દાગીના કઢાવ્યા હતા. ત્યારબાદ નજર ચૂકવીને કાગળના પડીકામાં દાગીનાની જગ્યાએ માવો મૂકીને બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ મામલે છાણી પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. છાણી કાછીયાવાડના નાની કાછીયાવાડ ગામમાં રહેતા અને ખેતીકામ કરતા બાંસઠ વર્ષીય નગીનભાઈ જેઠાભાઈ પટેલ પોતાની એક્ટિવા લઈને છાણી-દુમાડ રોડ પર આવેલા કાળકા માતાજીના દર્શન કરવા ગયા હતા.

દર્શન બાદ તેઓ નેશનલ હાઇવે-૪૮ ક્રોસ કરીને ભારત પેટ્રોલ પંપ નજીક આવેલા હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને જ્યારે તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે હેલીનિયમ કન્સ્ટ્રક્શન અને પ્લેટિનિયમ કન્સ્ટ્રક્શન સાઇટ વચ્ચેના રસ્તા પર બે અજાણ્યા શખ્સોએ તેમને રોક્યા હતા. એક્ટિવા અટકાવનાર બે શખ્સો પૈકી એકે ચેકવાળો અને બીજાએ સફેદ શર્ટ પહેર્યો હતો. બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. આરોપીઓએ નગીનભાઈને રોફ મારતા કહ્યું કે આગળ મર્ડર થયું છે તમને ખબર નથી તમારું લાઇસન્સ બતાવો કહી અહીં મર્ડરની ગેંગ ફરે છે અને તમે ખેતરે સોનું પહેરીને કેમ જાવ છો.

આ સાંભળીને ગભરાયેલા નગીનભાઈએ હાથમાં પહેરેલી આશરે બે તોલાની બે સોનાની વીંટી અને ગળામાં પહેરેલી આશરે બે તોલાની સોનાની ચેઇન કુલ કિંમત રૂ. ૨.૫૦ લાખના દાગીના કાઢી નાંખ્યા હતાં. બાદમાં એક શખ્સે નગીનભાઈને કહ્યું કે, આ દાગીના પેન્ટના ખિસ્સામાં નહીં મૂકવા. એમ કહીને તેણે ખિસ્સામાંથી કાગળનું એક પડીકું કાઢ્યું અને તેમાં દાગીના મુકાવ્યા. ત્યારબાદ પડીકું વાળીને એક્ટિવા પર લટકાવેલી થેલીમાં મૂકી દીધું અને નગીનભાઈને ત્યાંથી જલ્દી રવાના થવા કહ્યું. થોડે દૂર ગયા બાદ શંકા જતા નગીનભાઈએ થેલીમાં મૂકેલું પડીકું ખોલ્યું હતું. પડીકું ખોલતાં જ તેમના હોશ ઉડી ગયા હતા, કારણ કે તેમાં સોનાના દાગીનાની જગ્યાએ માવો મૂકેલો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળ પર પરત ફર્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં બંને ગઠિયા રફુચક્કર થઈ ગયા હતા.

યુવાન વેપારી દુકાને હતાં ત્યારે કાર લઇને બનેવી સહિતના ત્રણ આવ્યા ને લાકડી-સાંગડીથી તૂટી પડ્યા

વેપારી યુવાન પર હુમલો : બે ફ્રેકચર

અમારા મજૂરોની મેટરમાં તુ વધુ રસ લે છે, રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવ્યું છે, ભડાકે દેવો છે કહી હુમલો કર્યો : તાલુકા પોલીસે વિરડા વાજડીના યુવાનની ફરિયાદ નોંધીઃ બીજી ઘટનામાં ગાળો બોલવાની ના પાડનારા યુવાનના ગળા પર છરી હુલાવી દેવાઇ

રાજકોટ તા. ૯

નાની મોટી વાતે માથાકુટના બનાવો રોજબરોજ બનતા રહે છે. આ વચ્ચે એક કિસ્સામાં સિમેન્ટના વેપારી યુવાન પર મજૂરોની વાતે ખુદ તેના જ બનેવી સહિત ત્રણ જણાએ લોખંડની સાંગણી, લાકડીથી હુમલો કરી તેમજ સિમેન્ટની ગુણી ઉપાડવાના હુકથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડી તેમજ રિવોલ્વરથી ભડાકે દેવાની ધમકી અપાતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. કાલાવડ રોડ પર આવેલ રાજકોટ તાલુકાના વિરડા વાજડી ગામે આ ઘટના બની હતી. બીજી એક મારામારીમાં એક યુવાન આજી વસાહત પાસેના મફતીયાપરામાં હતો ત્યારે ગાળો દઇ રહેલા શખ્સને ગાળો ન બોલવા કહેતાં તેના ગળા પર છરી હુલાવી લોહીલુહાણ કરી નખાયો હતો.

વિગતો પર નજર કરીએ તો વીરડા વાજડી ગામે મજૂરો સંબંધિત જૂની બોલાચાલી અને ઝઘડાના મનદુ:ખને કારણે એક સિમેન્ટના વેપારી પર રાજકોટ રહેતાં તેના જ બનેવી સહિત ત્રણ જણાએ લાકડી, લોખંડની સાંગણીથી હુમલો કરી પગ-માથામાં ઘા ફટકારી તેમજ સિમેન્ટની ગુણી ઉપાડવાના હુકથી પણ ઇજા કરતાં વેપારીને પગમાં બે ફ્રેકચર થઇ ગયા છે. જતાં જતાં બનેવીએ ધમકી પણ દીધી હતી કે-મેં રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવ્યું છે, ગાડીમાં જ પડી છે રિવોલ્વર તને ભડાકે દઇ દેવો છે તેવી ધમકી પણ દીધી હતી.તાલુકા પોલીસે વિરડા વાજડી ગામમાં બાપા સિતારામ મંદિરવાળી શેરીમાં રહેતાં અને ગામમાં જ સિમેન્ટની એજન્સી ચલાવતાં ભાવેશભાઇ ભાનુભાઇ ચાવડા નામના બત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં તેના બનેવી જયેશભાઇ દેવરાજભાઇ જાદવ તેમજ તેની સાથેના નવઘણ વજુભાઇ જાદવ અને મહેશ ખેંગારભાઇ ગોલતર વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આ બનાવની ફરિયાદમાં જણાવ્યા અનુસાર વિરડા વાજડી ગામમાં બી પ્લસ હબ નામે સિમેન્ટની એજન્સી ધરાવતા અને વેપાર કરતા ભાવેશભાઇ પોતાની એજન્સી પર હાજર હતા. તે દરમિયાન સવારના આશરે સાડા નવ વાગ્યાના સુમારે એક બ્લેક કલરની ક્રેટા કારમાં તેમના બનેવી જયેશભાઇ દેવરાજભાઇ જાદવ તથા નવઘણભાઇ અને ખેંગારભાઇ ત્યાં આવ્યા



હતાં. આ ત્રણેય કારમાંથી નીચે ઉતરીને લાકડી અને લોખંડની સાંગણી જેવા હથિયારો સાથે ભાવેશભાઇ પાસે આવ્યા હતાં અને તું અમારા મજૂરની મેટરમાં બહુ રસ લે છે તેમ કહીને ઉશ્કેરાઇ જઇ ગાળો દીધી હતી. ભાવેશભાઇએ ગાળો આપવાની ના પાડતાં ત્રણેયે હુમલો કર્યો હતો. જેમાં નવઘણભાઇએ લોખંડની સાંગણી માથામાં મારી દીધી હતી, જ્યારે જયેશભાઇ અને મહેશભાઇએ લાકડીઓ વડે પગ અને હાથના ભાગે ઘા માર્યા હતા.

મારના કારણે તે નીચે પડી જતાં, જયેશભાઇએ ત્યાં પડેલો સિમેન્ટની ગુણી ઉપાડવાનો લોખંડનો ધારદાર હુક ઉઠાવી તેના વડે પણ માર માર્યો હતો. ઘટના સ્થળે હાજર નાથુભાઇ ડાંગરે વચ્ચે પડીને બચાવવાનો પ્રયાસ કરતાં હુમલાખોરોએ તેમની સાથે પણ ઝપાઝપી કરી હતી. આસપાસના લોકો ભેગા થઈ જતાં ત્રણેય હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. ભાગતી વખતે બનેવી જયેશભાઇએ-મેં રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવેલ છે, તને રિવોલ્વરથી ભડાકે દઈ દેવો છે તેવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવને પગલે દેકારો થતાં લોકો ભેગા થઇ ગયા હતાં. બાજુના દુકાનદાર કેતનભાઇ પોતાના ખાનગી વાહનમાં ઈજાગ્રસ્ત ભાવેશભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. તબીબી તપાસમાં તેના જમણા પગમાં બે જગ્યાએ ફ્રેક્ચર હોવાનું જણાયું હતું. તેમજ માથાના ભાગે ડા ઘા હોવાથી ટાંકા લેવા પડ્યા હતા. સારવાર બાદ ફરિયાદ નોંધાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. એન. ગમારાએ એફઆઇઆર દાખલ કરી હતી.

મારામારીની બીજી ઘટના જોઇએ તો આજી વસાહત પાસે કાનાભાઇના મફતીયાપરામાં રહેતાં મુળ બિહારના વિલાસ વિનોદભાઇ રાજવંશી નામના ત્રેવીસ વર્ષના યુવાનને રાતે સાડા અગીયારેક વાગ્યે ઘર નજીક રામદેવપીર મંદિરથી નજીકમાં બેઠો હતો ત્યારે અજાણ્યા બિહારી શખ્સે ઝઘડો કરી ગળા પર છરીનો ઘા મારી દેતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. વિલાસ રાજવંશી ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો છે અને પરિણીત છે. પત્નિ, પરિવારજનો વતન બિહારમાં રહે છે. પોતે અહિ એકલો રહી કંપનીમાં કામ કરે છે. તેના કહેવા મુજબ તે ઘર નજીક રાતે સાડા અગીયારેક વાગ્યે બેઠો હતો ત્યારે અન્ય બિહારી જેવા શખ્સે દારૂ પી આવી ગાળો દેતાં ગાળો બોલવાની ના પાડતાં ગળા પર છરી ઝીંકી ભાગી ગયો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પારકા દેશમાં પૈસા કમાવવા જવાની ઇચ્છાઓ અનેક લોકોને આપી જાય છે ફ્રોડનો ડામ

વર્ક પરમીટના નામે યુવતિ-દંપતિને ૪૫ લાખનો ચૂનો

યુવતિ પાસેથી કહેવાતા એજન્ટોએ સવા બાર લાખ પડાવી લીધા અને દંપતિ પાસેથી પડાવાયા બાવીસ લાખ ચોર્યાસી હજાર

રાજકોટ, તા. ૯

વિદેશના વિઝાના નામે સતત ઠગાઇઓ થઇ રહી છે. વધુ નવા બે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એક કિસ્સામાં ત્રણ લોકોને છેતરીને સવા બાર લાખનો ચાંદલો કરી ગઠીયા ગાયબ થઇ ગયા હતાં. આ ફ્રોડમાં ભોગ બનનારાઓમાં એક યુવતિ પણ સામેલ છે. બીજા બનાવમાં એક દંપતિને એજન્ટો છેતરીને બાવીસ લાખ ચોર્યાસી હજાર ખંખેરી ગયા હતાં.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો રાજ્યભરમાં વર્ક પરમીટ વિઝાના નામે રોજેરોજ ઠગાઇઓ થઇ રહી હતી. તેમાં વધુ બે બનાવ ઉમેરાયો હતો. અમદાવાદના શાસ્ત્રીનગરમાં રહેતી યુવતી સહિત ત્રણ લોકો સાથે વિઝા કન્સલ્ટન્સીના માલિકે લક્ઝમબર્ગના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને ૧૨.૨૫ લાખ રૂપિયા પડાવ્યા છે. જે લોકો પાસેથી પૈસા લીધા તે તમામ લોકોની ફાઇલ કેન્સલ થઈ હતી.ફાઇલ કેન્સલ થતા પૈસા માંગતા આરોપી અલગ અલગ બહાના બતાવતો હતો જે મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતાં કહ્યું કે શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતી અઠ્ઠાવીસ વર્ષીય કૃપા જોશી ખાનગી કંપનીમાં એચઆરની જોબ કરે છે. કૃપાને વિદેશ જવું હોવાથી ઓનલાઇન ફોર્ચ્યુન ઇન્ટરનેશનલ વિઝા કન્સલ્ટન્સી કંપનીની જાહેરાત જોઈ ઓફિસ મળવા ગઈ હતી. આ દરમિયાન કૃપાને એક કર્મચારી મળ્યો હતો જેને લક્ઝમબર્ગના વિઝા કરી આપવાનું જણાવી વિઝા પેટે ૯ લાખ ફી આપવા જણાવ્યું હતું. યુવતીએ ટુકડે ટુકડે ૫.૧૦ લાખ રૂપિયા આપ્યા હતા. યુવતીનો સંપર્ક કન્સલ્ટન્સી કંપનીના માલિક વૈભવ શિંદે સાથે થયો હતો. યુવતીને વૈભવ શિંદેએ વિઝા માટે અલગ અલગ બહાના આપ્યા હતા. વૈભવે યુવતીની બે અલગ અલગ દેશની વિઝાની ફાઇલ મૂકી જે બંને ફાઇલ રિજેક્ટ થઈ હતી.

જેથી યુવતીએ પૈસા પરત માંગ્યા હતા પરંતુ વૈભવ અલગ અલગ બહાના બતાવતો હાથોમાં દરમિયાન યુવતીને અન્ય બે વ્યક્તિ મળ્યા હતા, જેમની પાસેથી વિઝાના નામે ૧.૫૦ લાખ અને ૫.૬૫ લાખ રૂપિયા લીધા હતા. આમ કુલ ૧૨.૨૫ લાખ લઈને ત્રણ લોકોના વિઝા ન કરાવી આપતા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.વૈભવ શિંદે વિરુદ્ધ અગાઉ પણ વિઝા અંગેની ફરિયાદ નોંધાઈ ચૂકી હતી. હવે વધુ એક ગુનો દાખલ થતાં તપાસ શરૂ



થઇ હતી.

બીજી તરફ એક દંપતિ સાથે વર્ક પરમીટના બહાને બાવીસ લાખ ચોર્યાસી હજારની ઠગાઇ થઇ હતી. ગાંધીનગરના રાંધેજા વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક સામાન્ય પરિવારને વડોદરાના ઠગ કન્સલ્ટન્ટ દંપતીએ વિદેશની વર્ક પરમીટ અપાવવાના બહાને ૨૨ લાખથી વધુની ઠગાઈ આચરી છે. આ મામલે પેથાપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો હતો. ગાંધીનગરના રાંધેજા દેવશ્રી એપાર્ટમેન્ટમાં રહેતા ભાવિકકુમાર કાન્તીલાલ પટેલ સેક્ટર-૨૬ જીઆઈડીસી ખાતે આવેલી મેસ્ટ્રોન કંપનીમાં નોકરી કરે છે અને તેમના પત્નિ હેતલબેન સેક્ટર-૨૫ જીઆઈડીસી સ્થિત કે.આર.સિસ્ટમ કંપનીમાં ફરજ બજાવે છે. આ દંપતીને પોતાની પંદર વર્ષની પુત્રી સાથે વિદેશમાં સ્થાયી થવું હતું.

તેઓ રાંધેજાની પ્રમુખનગર સોસાયટીમાં રહેતા હતા ત્યારે તેના ભાણેજ જમાઈના માતા દક્ષાબેન હસમુખભાઈ પટેલ મારફતે વડોદરાના હરણી વિસ્તારમાં ગડા સર્કલની સામે રેડ કોરલ કોમ્પ્લેક્સમાં આવેલી આર.એ. કન્સલ્ટન્ટ્સના સંચાલકો રાજેશ ગોવિંદભાઈ કુન્તે અને ચિત્રા રાજેશકુન્તે સાથે સંપર્ક થયો હતો. આરોપી દંપતીએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે દાવો કર્યો હતો કે તેમની ઓફિસ કાયદેસર રીતે વિદેશમાં વર્ક પરમીટ અપાવવાનું કામ કરે છે અને અગાઉ અનેક યુવાનોને વિદેશ મોકલી ચૂક્યા છે. ફરિયાદી અને તેમના પત્નીને યુ.કે. અથવા અન્ય દેશમાં મોકલવા માટે કુલ ૨૩ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. ફરિયાદી પાસે તાત્કાલિક નાણાં ન હોવાથી તેઓએ પોતાનું મકાન વેચાણ અર્થે મૂક્યું હતું.

ત્યારબાદ ઠગ દંપતી ખુદ રાંધેજા ખાતે ફરિયાદીના ઘરે આવ્યા હતા અને બાનાખતના નાણાંમાંથી પાંચ લાખ રૂપિયા રોકડા લઈ ગયા હતા. આ સમયે પાડોશી ચિરાગભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.સમય જતાં આરોપીઓની લાલચ વધતી ગઈ અને જુદા જુદા બહાના હેઠળ નાણાં માંગવાનું ચાલુ રાખ્યું હતું . આ પછી કલોલ તાલુકાના મુબારકપુર ગામે ફરિયાદીના સાળા નિકુલ મનુભાઈ સુથારના ઘરે જઈને આરોપીઓએ કામ શરૂ થઈ ગયાનું જણાવી વધુ ૮ લાખ રૂપિયા રોકડા પડાવ્યા હતા.ઉપરાંત સરકારી હેલ્થ ઇન્શ્યોરન્સ અને પ્રોસેસિંગના નામે ગૂગલ પે દ્વારા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવીને રૂ.૫,૮૩,૯૨૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ રોકડ અને ઓનલાઈન માધ્યમથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૨૨,૮૩,૯૨૦ ની રકમ ખંખેરી લેવામાં આવી હતી.જોકે લાંબા સમય સુધી બાયોમેટ્રિક અને પ્રક્રિયા ચાલુ હોવાનું કહીને આરોપીઓ ફરિયાદી દંપતીને વડોદરા ઓફિસે બોલાવીને ખોટા ધક્કા ખવડાવતા રહ્યા. આથી ફ્રોડની ખબર પડતાં ફરિયાદ નોંધાવાઈ હતી.

સાયબર ગઠીયાઓ ખુર સરળતાથી વૃધ્ધોને બનાવી રહ્યા છે નિશાનઃ સીનીયર સીટીઝનોને ખાસ જાગૃત કરવા જરૂરી

APK ફાઈલથી સવા પાંચ લાખનો ડામ

વૃધ્ધને વ્હોટ્સએપથી બેંકના નામે ફાઇલ મળીઃ ઓપન કરતાં જ તેમના બેંક ખાતામાંથી ગાયબ થઇ ગઇ રકમ
બીજી તરફ ઓનલાઇન ટ્રેડીંગ, વિડીયો લાઇક કરી ચાલીસ ટકા નફાની લાલચમાં યુવાને ગુમાવ્યા સવા લાખ


રાજકોટ, તા. ૯

સાયબર ગઠીયાઓ રોજબરોજ લોકોને અલગ અલગ રીતે છેતરી રહ્યા છે. પાન કાર્ડ અપડેટ, ગેસ બીલ અપડેટ, આમંત્રણ પત્રિકા કે પછી આરટીઓના ઇ ચલણની એપીકે ફાઇલો મોકલીને ઠગાઇ થઇ રહી છે. આ વચ્ચે એક વૃધ્ધને પાન કાર્ડ અપડેટના નામે લિંક મોકલી બેંક ઓફ ઇન્ડિયાના નામની નકલી એપીકે ફાઇલ મોકલી તેમના ખાતામાંથી પાંચ લાખ ઓગણીસ હજાર ઉસેડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના નિકોલમાં રહેતા પાંસઠ વર્ષીય વૃદ્ધ વેપારીને બેંક ઓફ ઈન્ડિયાના નામે વોટ્સએપ પર પાનકાર્ડ અપડેટ કરવા માટે એપીકે ફાઈલ મોકલી મોબાઈલનું સંચાલન મેળવી ખાતામાંથી રૂ. ૫.૧૯ લાખ ઉપાડી લીધા હતા. બેંક ખાતામાંથી તબક્કાવાર નાણાં ટ્રાન્સફર થઈ જતાં વેપારીએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કર્યા બાદ અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી હતો. પોલીસે જણાવ્યું કે નિકોલમાં ભક્તિરાજ બંગ્લોઝ ખાતે રહેતા પાંસઠ વર્ષીય વૃદ્ધ કાપડનો વેપાર કરે છે અને બેંક ઓફ ઈન્ડિયામાં સેવિંગ ખાતું ધરાવે છે.

તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં બીઓઆઈ પાન કાર્ડ અપડેટ નામની એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. બેંક તરફથી મેસેજ આવ્યો હોવાનું માનીને તેણે તેમના કૌટુંબિક ભાઈની મદદથી ફાઈલ ઓપન કરી હતી. ફાઈલ ઓપન થતાં ખુલેલા ફોર્મમાં જરૂરી વિગતો ભરી દીધી હતી.આ એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી ભેજાબાજે વૃદ્ધના મોબાઈલ ફોનનું સંચાલન મેળવી લીધું હતું.બાદમાં બપોરે વેપારીના મોબાઈલ પર રૂ.૫ લાખ ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો. વેપારી તાત્કાલિક બેંક ઓફ ઈન્ડિયાની નિકોલ શાખામાં પહોંચ્યા હતા. જ્યાં તેમને જાણવા મળ્યું હતું કે આઇએમપીએસ દ્વારા ખાતામાંથી નાણાં ટ્રાન્સફર થયા છે.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે એક પાંચ લાખનું અને અન્ય ચાર નાના ટ્રાન્ઝેક્શન મળી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૫.૧૯



ઉપાડી લેવાયા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા નંબરના ધારક અને નાણાં મેળવનાર એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક વૃધ્ધને સાયબર ગઠીયાઓ સરળતાથી છેતરી ગયા હતાં. સાયબર ક્રાઇમ પોલીસે પોતપોતાના વિસ્તારમાં વૃધ્ધોને બોલાવીને અથવા તો શક્ય હોય તો તેમની પાસે જઇને શી ટીમોની મદદથી કે પછી બીજા ખાસ સ્ટાફની મદદથી આ બાબતે સમજ આપવી જરૂરી છે. જેથી કરીને તેઓ આવા ફ્રોડથી બચી શકે. જે તે પરિવારજનોએ પણ પોતાના વડીલોના જો બેંક ખાતા હોય કે ઓનલાઇન તેઓ વ્યવહાર કરતાં હોય તો આ સામાન્ય સમજ આપવી જરૂરી છે.

બીજી ઠગાઇ જોઇએ તો સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમ વિસ્તારમાં સોશિયલ મીડિયા અને ઓનલાઈન ટ્રેડિંગના નામે છેતરપિંડીનો એક કિસ્સો સામે આવ્યો છે. ઇન્સ્ટાગ્રામ દ્વારા સંપર્ક કરીને યુટ્યુબ વીડિયો લાઈક અને સબસ્કાઈબ કરવાના કામથી શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ બિટકોઈન અને ઓનલાઈન ટ્રેડિંગમાં ૪૦થી ૫૦ ટકા નફાની લાલચ આપી ફરિયાદી પાસેથી આશરે ૧ લાખ ૩૦ હજાર રૂપિયા પડાવી લીધાનો આરોપ મુકાયો હતો. આ કેસમાં કીમ પોલીસે ચાર આરોપીઓને પકડીને પુછપરછ શરૂ કરી હતી .પોલીસ ફરિયાદ મુજબ બે ઇન્સ્ટાગ્રામ આઇડી દ્વારા ફરિયાદીનો સંપર્ક કરાયો હતો. શરૂઆતમાં યુટ્યુબ વીડિયો લાઈક અને સબસ્ક્રાઈબ કરીને કમાણી કરાવવાની વાત કરાઈ હતી.

ફરિયાદીએ શરૂઆતમાં એક હજાર રૂપિયા જમા કરાવ્યા હતા. ત્યારબાદ નફો થયો હોવાનું જણાવીને અલગ-અલગ યુપીઆઇ આઇડી દ્વારા વધુ પૈસા જમા કરાવ્યા. ધીમે-ધીમે રોકાણની રકમ વધારવામાં આવી અને કુલ ૧ લાખ ૩૦ હજાર રૂપિયા પડાવી લેવાયા હતા. જ્યારે ફરિયાદીએ વધુ પૈસા આપવાની ના પાડી, ત્યારે ઓનલાઈન પ્લેટફોર્મ પર જમા રકમ ફ્રીઝ થઈ ગઈ હોવાનું જણાવી વધુ પૈસા પડાવવાનો -યાસ કરાયો. કીમ પોલીસ સ્ટેશનમાં ઝ્ફ્લ્ની સંબંધિત કલમો અને આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે મોસિનસા અનવરસા દિવાન, રહેનસા ઈસ્માઈલ દિવાન, અરકાનમિયા ચાવડા અને મુસ્કાન ઈમ્તિયાઝ દિવાન નામના ચાર આરોપીઓની અટકાયત કરી છે. આ તમામ આરોપીઓ ચકલાસી, જિલ્લા નડિયાદના રહેવાસી છે તેઓની પુછતાછ થઇ રહી છે.

નવરાત્રિમાં છેડતીબાજો પર પોલીસની શી ટીમોની બાજનજર
લેભાગુ લફંગાઓને દબોચી લઇ કાયદાનું કડક ભાષામાં જ્ઞાન અપાશે

રાજકોટ તા. ૯

માતાજીની શક્તિની ભક્તિના પર્વ એવા નવરાત્રીનો રવિવારથી આરંભ થઇ રહ્યો છે. ત્યારે ખેલૈયાના પગ અર્વાચીન રાસોત્સવ રમવા થનગતી રહ્યા છે. તો બીજી તરફ ગરબીઓમાં બાળાઓ પણ ગરબે ઘુમશે અને માતાજીની આરાધના કરશે. અર્વાચીન રાસોત્સવોમાં ખેલૈયાના સ્વાંગમાં લેભાગુ લફંગાઓ છેડતીબાજો ઘુસી ન જાય અને છેડતી ન કરે તે માટે શહેર પોલીસની શી ટીમ ખાસ આવા તત્વો પર નજર રાખી તેને દબોચી લઇ ખોખરા કરવા તૈનાત રહેશે.

વિગતો જોઇએ તો ગરબા ગ્રાઉન્ડ કે અન્ય કોઇ સ્થળે છેડતીના બનાવો ન બને તે માટે શહેર પોલીસની સાથે સાથે શહેર પોલીસની શી ટીમો પણ ખાસ પેટ્રોલીંગ કરશે. નવરાત્રીના પાવન પર્વને લઇ શહેર પોલીસ ફુલ એકશન મોડમાં આવી ગઇ છે. ગરબા ગ્રાઉન્ડ કે ગરબીમાં ગરબે રમતી કે ગરબા જોવા જતી બાળાઓ, યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં શહેર પોલીસ શી-ટીમના મહિલા સ્ટાફ સ્પેશ્યલ બેઠક યોજાઇ હતી. જેમાં પોલીસને ખાખી



વર્દી ઉપરાંત પ્રાચીન અને અર્વાચીન પહેરવેશમાં ગરબા ગ્રાઉન્ડ સહિતના સ્થળોએ સઘન દેખરેખ રાખશે તે માટે મહત્વની સુચના અપાઇ હતી.

આ ઉપરાંત ગરબે રમવાને બદલે 'નજરે' રમતા 'રોમીયો' સામે કાર્યવાહી કરવા સુચન કરાયું હતું. આ ઉપરાંત ભકિતનગર પોલીસની શી-ટીમના પીઆઇ જે.ડી.પરમારે પણ મહિલાઓને હેરાન કરનાર કે રોમીયોગીરી કરતા શખ્સો સામે કાર્યવાહી કરવા ઉપરાંત નવરાત્રીના પાવન પર્વ પર નિર્ભય રીતે ગરબે રમતી બાળાઓથી લઇ મહિલાઓ સહિત પ્રજાજનો શાંતીપુર્ણ રીતે પર્વ ઉજવી શકે તે માટે સઘન પેટ્રોલીંગ પણ કરવા જણાવ્યું હતું. આમ છેડતીબાજોને દબોચવા મહિલા પોલીસની ટીમો ખેલૈયા બનીને મેદાનમાં પેટ્રોલીંગ કરી નજર રાખશે.

વૃધ્ધ દંપતિ નિઃસંતાન છે તેવુ જાણી ગયેલા ભાડુઆતે નિવૃતિમાં આવક મળી રહેશે તેવુ કહી જાળ બીછાવી

ભાડૂઆત ગઠીયો નીકળ્યો વૃધ્ધના સાડા સત્તર લાખ લઈ ગયો

એસઆઇપીમાં રોકાણ કરવાથી નફો અને દુબઇથી પેન્શન મળે તેવી વ્યવસ્થા કરી આપશે તેવું કહી રૂપિયા લઇ લીધા અને રાતોરાત ફ્લેટ ખાલી કરી ભાગી ગયોઃ યુનિવર્સિટી પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૯

અવાર-નવાર થઇ રહેલી છેતરપીંડીની ઘટનાઓ વચ્ચે વધુ એક વૃધ્ધને છેતરી લેવાયા હતાં. આ વખતે રાજકોટના આ વૃધ્ધને તેમના જ ફ્લેટનો ભાડુઆત જે મુળ યુપી ગાઝીયાબાદનો છે તે વિશ્વાસ કેળવી છેતરી ગયો હતો. વૃધ્ધ અને તેમના પત્નિ નિઃસંતાન હોઇ આ ગઠીયાએ તેમને એસઆઇપીમાં રોકાણ કરવાથી મોટો નફો મળે છે અને નિવૃતીમાં આવક મળતી રહે છે તેવી વાતો કરી તેમજ દુબઇના ગોલ્ડન વિઝા લેવાડાવી ત્યાંનું પેન્શન પણ મળે તેવુ કરી આપશે તેમ કહી છેતરીને સાડા સત્તર લાખ રૂપિયા ઉસેડી લીધા હતાં. આ ઠગાઇ કર્યા બાદ રાતો રાત ફ્લેટ ખાલી કરી સામાન ભરી ભાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો વૃધ્ધોને છેતરી લેવાના બનાવો અવાર-નવાર બનતાં હોય છે. દરમિયાન ગંગોત્રી પાર્ક મેઇન રોડ પર રહેતાં નિઃસંતાન વૃધ્ધ દંપતિને વિમલનગરમાં તેમના ફ્લેટમાં ભાડેથી રહેતા મુળ યુપી ગાઝીયાબાદના શખ્સે એસઆઇપીમાં રોકાણ પર મોટો નફો અપાવવાની અને દુબઇના ગોલ્ડન વિઝા કરાવી આપશે તેના કારણે દુબઇથી પણ પેન્શન મળશે



તેવી લાલચ આપી છેતરપીંડી કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ગંગોત્રી પાર્ક મેઇન રોડ સિલ્વર આઇકોન ફ્લેટ નં. ૨૦૩માં રહેતાં ચીમનલાલ નારણભાઇ પટેલ નામના બોંતેર વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી યુપી ગાઝીયાબાદના ગોવિંદપુર સી-૪ આરકે પુરમ ખાતે રહેતાં અનુજપ્રકાશ ઓમપ્રકાશ લાલ વિરૂધ્ધ રૂ. ૧૭,૫૮,૫૬૪ની ઠગાઇનો ગુનો નોંધ્યો હતો. ચીમનલાલ પટેલ પરિવારમાં પત્નિ અલ્કાબેન સાથે રહે છે અને નિવૃત જીવન જીવે છે. અગાઉ તે સુરેન્દ્રનગર ખાતે ઓટો મોબાઇલની દૂકાન ચલાવતાં હતાં. પંદર વર્ષથી નિવૃત થઇ રાજકોટમાં રહે છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ નિઃસંતાન છે અને તેમણે પોતાની જીવનમુડીમાંથી વિમલ નગર મેઇન રોડ પર આવેલા વસંત માર્વેલ શિવધામ સોસાયટી સામે સી-૫૦૧ નંબરનો લેટ ખરીદ કર્યો હતો.

આ લેટ ભાડે આપવા માટે તેમણે બ્રોકર મારફતે વાતચીત કરી હતી, જેના આધારે મૂળ ગાઝિયાબાદ યુપીના રહેવાસી અનુજપ્રકાશ ઓમ પ્રકાશ લાલ નામના શખ્સે મહિને રૂા.૨૧,૦૦૦ના ભાડાથી આ લેટ ભાડે રાખ્યો હતો. અનુજપ્રકાશે પોતે અમેરિકાની બેંકમાં ઓનલાઈન નોકરી કરતા હોવાનું જણાવી દંપતીનો વિશ્વાસ જીતી લીધો હતો. વૃદ્ધ દંપતી નિઃસંતાન હોવાથી અને તેમની ઉંમરનો ગેરલાભ ઉઠાવી અનુજ પ્રકાશે તેમને કહ્યું કે તમારી નિવૃત્તિની આવક માટે એસપીઆઈમાં રોકાણ કરાવી દઉં, જેથી પેન્શન મળે. તેમજ દુબઈના વિઝા કરાવી આપું અને સીનિયર સિટીઝનને દુબઈ ખાતેથી પેન્શન મળે છે.

ત્યારબાદ અનુજપ્રકાશની આ વાતમાં વિશ્વાસ રાખી વૃધ્ધ ચીમનલાલે પટેલે પોતાના મોબાઈલ અને બેંક એકાઉન્ટની વિગતો તેની સાથે શેર કરી હતી. આ પછી અનુજપ્રકાશે વૃધ્ધના એચ.ડી.એફ.સી. બેંક એકાઉન્ટમાંથી અવારનવાર રૂ. ૧,૦૦,૦૦૦, રૂ. ૩૮,૮૪૭, રૂ. ૮૩,૭૧૭ જેવી રકમો ટ્રાન્સફર કરી લીધી હતી. તેમજ દુબઈના ગોલ્ડન વિઝાની ફી તથા પ્રોસેસના નામે રૂ. ૬,૦૦,૦૦૦ અને રૂ. ૩,૯૬,૦૦૦ રોકડા મેળવ્યા હતાં. ત્યારબાદ તેણે એસપીઆઈ શરૂ કરવા માટે વધુ રકમ માગતા વૃધ્ધ ચીમનલાલે સગા પાસેથી ઉછીના રૂ. ૫,૦૦,૦૦૦ લાવીને આપ્યા હતા. આ પછી અનુજપ્રકાશે ચીમનલાલને પોતે તેમના જે ફ્લેટમાં રહે છે એ જ ફ્લેટ ખરીદી લેવો છે તેમ કહી તમારી એસઆઈપીની રકમ પંદર લાખ ભરવાની છે તેમાંથી દસ લાખ હું આપીશ, તમે પાંચ લાખ આપજો તેવુ કહ્યું હતું.

જો કે અનુજે બાના પેટે આપેલો રૂ. ૫ લાખનો ચેક બેંકમાં જમા કરાવતા રિટન થયો હતો. આ પછી કુલ ૬,૫૮,૫૬૪ ઓનલાઈન ટ્રાન્સફર અને ૧૧,૦૦,૦૦૦ રોકડા મળીને કુલ ૧૭,૫૮,૫૬૪ મેળવી લીધા બાદ જુલાઈ ૨૦૨૫માં અનુજપ્રકાશ મકાનમાલિક ચીમનલાલ પટેલને કોઈ પણ જાણ કર્યા વિના લેટ ખાલી કરીને સામાન સાથે ક્યાંક જતો રહ્યો હતો. ત્યારબાદ તેણે પોતાના તમામ ફોન નંબર પણ બંધ કરી દીધા હતા. રકમ પરત મળી જશે તેવી આશામાં સમય વિત્યા બાદ આખરે છેતરપિંડીનો અહેસાસ થતાં ચીમનલાલ પટેલે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં અરજી આપી હતી. તપાસના અંતે પોલીસે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર કે. કે. ગોહિલની રાહબરીમાં એએસઆઇ એસ. જે. ઠાકર વધુ તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક વખત ગઠીયાગીરીનો ભોગ વૃધ્ધ બની ગયા હતાં.

એક મહિના પહેલા હાઇવે પરથી સગર્ભાની હત્યા કરાયેલી લાશ મળી હતીઃ મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ

પરિવારને છોડીને ભાગેલી પૂજા માટે પ્રેમી જ ઘાતક બન્યો

પોલીસે સત્યાવીસ દિવસ મૃતદેહ કોલ્ડરૂમમાં રખાવ્યોઃ હાથના ટેટૂને આધારે ગૂમસુદાની તપાસ એમપી, યુપી સુધી કરાવી અને ઓળખ થઇઃ યુપી ફિરોઝાબાદની પરણિતાને પતાવીને ભાગી ગયેલા પ્રેમીની શોખખોળ

રાજકોટ તા. ૯

પ્રેમ પ્રકરણમાં મારામારી, હત્યા સહિતના બનાવો અવાર-નવાર બનતા રહે છે. આવી જ એક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ હતી. એક મહિના પહેલા એક મહિલાની હત્યા કરાયેલી લાશ હાઇવે પરથી મળી હતી. આ ગુનાનો ભેદ પોલીસે ઉકેલ્યો હતો. પ્રેમી સાથે ભાગી નીકળેલી મહિલાની હત્યા થયાનું ખુલ્યું હતું. બે બાળકો અને પતિને છોડીને યુપીથી ગયા મહિને પ્રેમી એવા ડ્રાઇવર સાથે ભાગી નીકળેલી આ મહિલાની લાશ મળી ત્યારે તેણી સગર્ભા હોવાનું પણ ખુલ્યું હતું. બાળક પતિનું હતું કે પ્રેમીનું તેની વિગતો હવે બહાર આવશે. પ્રેમીએ જ આ કોઇ મુદ્દે ઝઘડો થતાં કે અન્ય કારણોસર ક્રુર હત્યા કરી હતી અને લાશ ફેંકી ભાગી ગયો હતો. તે પકડાયા બાદ વધુ ચોંકાવનારી હકિકત સામે આવશે.

વિગતો જોઇએ તો કચ્છના રાપર તાલુકાના આડેસર હાઇવે નજીકથી એક માસ અગાઉ મળી આવેલા અજાણ્યા સ્ત્રીના મૃતદેહના હાઇપ્રોફાઇલ કેસમાં આડેસર પોલીસે વૈજ્ઞાનિક ઢબે કામગીરી કરી ગુનાનો પર્દાફાશ કર્યો હતો. ગત મહિનામાં આડેસર હાઇવે પરથી શંકાસ્પદ હાલતમાં એક યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ કેસનો ઉકેલ લાવવા માટે પોલીસે મૃતદેહને સત્યાવીસ દિવસ સુધી કોલ્ડ સ્ટોરેજમાં સુરક્ષિત રખાવ્યો હતો અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની મદદથી ડીએનએ સેમ્પલિંગ એકત્રિત કર્યા હતા. પોલીસની તપાસમાં યુપી, બિહાર અને મધ્યપ્રદેશમાં મિસિંગ રિપોર્ટ અને પૂજા નામની મહિલાની ગુમ નોંધના આધારે તપાસ હાથ ધરી હતી, જેમાં ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક ગુમશુદાની ફરિયાદ સાથે મેચ થઈ ગયો હતો.

આ પછી તપાસમાં બહાર આવ્યું કે આ મૃતદેહ ગત બાવીસ જુનના પોતાના પતિ અને ઘરને છોડીને પ્રમી સાથે નાસી છૂટેલી ફિરોઝાબાદની મૂળ વિવાહિત મહિલા પૂજાનો હતો. કચ્છ પોલીસના ટેકનિકલ ઇનપુટ્સના આધારે યુપી પોલીસની ટીમ ત્વરિત કચ્છ આવી પહોંચી હતી અને પરિવારજનોની હાજરીમાં ડીએનએ ટેસ્ટ તથા શારીરિક નિશાનીઓ પરથી મૃતદેહની સત્તાવાર



ઓળખ કરી હતી. મૃતક મહિલાના પરિવારજનો આડેસર આવીને પોલીસ સાથે મુલાકાત કરી હતી અને મૃતક મહિલા લક્ષ્મણની પત્નિહોવાનું સામે આવતા જામનગરમાંથી સત્યાવીસ દિવસ બાદ મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહિલાની ઘાતક હથિયાર વડે હત્યા કર્યા બાદ ઓળખ છુપાવવાના ઈરાદાથી યુપીથી રાજસ્થાન થઈને કચ્છના આડેસર હાઇવે પર લાશ ડિસ્પોઝ કરી દીધી હોવાનું સામે આવ્યું હતુ.

પોલીસની તકેદારી અને વૈજ્ઞાનિક પુરાવા સંગ્રહ કરવાની પદ્ધતિના કારણે જ હત્યાનો ભેદ ઉકેલાઈ શક્યો હતો. કોલ્ડ સ્ટોરેજ અને સેમ્પલિંગે મૃતદેહની ઓળખ ન થાય ત્યાં સુધી પોલીસે તેને સત્યાવીસ દિવસ સુધી ફ્રીઝરમાં રાખી એફએસએલ મારફત ડીએનએ અને ફિંગરપ્રિન્ટ સેમ્પલ સુરક્ષિત કર્યા હતા. મૃતક મહિલાના પરિવારજનોના રક્તના નમૂના લઈ એફએલએલ ખાતે ડીએનએ ટેસ્ટ કરાવતાં જ મૃતદેહની કાનૂની પુષ્ટિ થઈ હતી, જેના આધારે પ્રમી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળ કાર્યવાહી કરવામાં આવી હતી. ગત આઠમી સપ્ટેમ્બરે હાઈવે કિનારેથી મળી આવેલી મહિલાની હત્યા કરાઈ હોવાની આશંકા સાથે પોલીસે તપાસ શરૂ કરી હતી. મૃતકની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નહોતા.

મૃતક મહિલાના જમણા હાથ પર હિન્દીમાં લખેલું 'લક્ષ્મણ એન્ડ પુજા' અને ડાબા હાથ પર અંગ્રેજીમાં લખેલું પીપી નું ટેટૂ. પોલીસની તત્પર કામગીરીના કારણે સમગ્ર હત્યાકેસનો ભેદ ઉકેલાયો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક પૂજા મૂળ ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદની વતની હતી અને તે પાંચ મહિનાની ગર્ભવતી હતી. આ કિસ્સામાં કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે મૃતદેહની ઓળખ માટે મૃતદેહને જામનગરમાં સત્યાવીસ દિવસ સુધી કોલ્ડ સ્ટોરેજમાં સાચવી રાખ્યો હતો.

પરિવારના જણાવ્યા મુજબ મૃતક મહિલા વીસમી જૂનના રોજ પોતાના ઘરેથી નીકળી ગઈ હતી અને મિસિંગ રિપોર્ટ નોંધાતા બાવીસમી તારીખે પરત હાજર થઈ હતી. પરંતુ તે પોતાના પતિ સાથે રહેવા માંગતી ન હોવાથી તરત જ ફરીથી ભાગી છૂટી હતી. પરિવારજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે તે પોતાના પતિ અને બે નાના છોકરાઓને છોડીને પડોશમાં જ રહેતા એક ડ્રાઇવર સાથે ભાગી ગઈ હતી. આડેસર પોલીસે આ તમામ સંજોગો અને શંકાના વધુ તપાસ યથાવત રાખી હતી. પ્રેમી જ હત્યારો હોવાનું ખુલતાં હવે તેની શોધખોળ કરવામાં આવી રહી છે. પ્રેમી સાથે ઝઘડો થતાં કે પછી પ્રેમી થકી સગર્ભા બન્યા પછી પ્રેમીએ આવનારા બાળક બાબતે બબાલ કરી હત્યાને અંજામ આપ્યો? તે હકિકત હવે પછી બહાર આવશે.

મ્યુ. કમિશનરની 'સર્જિકલ વિઝિટ'થી મનપામાં ભૂકંપ

મુંજકા બ્રિજના સળિયામાં લોચા ને પિલરમાં દગો!

સામાન્ય આંચકામાં ધારાશાયી થઈ જાય તેવું ખાડે ગયેલું નિર્માણ, તપાસમાં મોટો ધડાકો : ૪૨ કરોડ પાણીમાં : બે ઈજનેર ગુનેગાર? સસ્પેન્શનનો કોરડો વિંઝાયો : ઉચ્ચ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને આખરી અલ્ટીમેટમ, સુરત SVNITની દોડધામ

રાજકોટ, તા. ૯

રાજકોટ શહેરના વિકાસ અને વાહનવ્યવહારને સુગમ બનાવવાના દાવાઓ વચ્ચે મહાનગરપાલિકાના જ કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં ઘોર બેદરકારી અને ગંભીર ક્ષતિઓનો સનસનાટીપૂર્ણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૂ. ૪૨ કરોડના માતબર ખર્ચે આકાર લઈ રહેલા ૩ ફ્લાયઓવર બ્રિજના નિર્માણ કાર્યમાં નીતિ-નિયમોના ધજાગરા ઉડાડીને અત્યંત નબળું અને ખામીયુક્ત કામ કરવામાં આવી રહ્યું હોવાનો ધડાકો થયો છે. આ સમગ્ર મામલો ગત ૯ સપ્ટેમ્બરના રોજ ત્યારે સપાટી પર આવ્યો જ્યારે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ટ્રૂટીન વહીવટી પ્રક્રિયાથી અલગ હટીને રૂ. ૪૨ કરોડના આ મહત્વાકાંક્ષી બ્રિજ પ્રોજેક્ટની અચાનક જ સરપ્રાઈઝ વિઝિટ લીધી હતી. કમિશનરે ત્રણેય બ્રિજના નિર્માણ સ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસ હાથ ધરતા મુંજકા પાસે બની રહેલા બ્રિજના એલાઈનમેન્ટમાં ગંભીર ટેકનિકલ ખામીઓ અને વાંધાજનક બાબતો નજરે પડી હતી, જેના પગલે સમગ્ર મનપા તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

કમિશનરની સરપ્રાઈઝ મુલાકાત બાદ આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈને બ્રિજની સ્ટ્રક્ચરલ સેફ્ટી ચકાસવા માટે અમદાવાદની સ્પેશિયાલાઈઝ્ડ તપાસ એજન્સીને જવાબદારી સોંપવામાં આવી હતી. અમદાવાદની તપાસ એજન્સીએ સ્થળ પર જઈને હાથ ધરેલા ટેકનિકલ પરીક્ષણ બાદ જે રિપોર્ટ સુપ્રત કર્યો છે તે અતિશય ચોંકાવનારો અને આંખો ઉઘાડનારો છે. રિપોર્ટમાં સ્પષ્ટપણે ખુલાસો કરવામાં આવ્યો છે કે મુંજકા પાસે બની રહેલો આ બ્રિજ સામાન્ય ભૂકંપના આંચકા પણ સહન કરી શકે તેમ નથી. જો આ સ્થિતિમાં બ્રિજનું કામ આગળ વધારવામાં આવે તો તે ભવિષ્યમાં એક તરફ નમી પડે અથવા તો ધારાશાયી થઈ જાય તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે નિર્માણ કાર્ય દરમિયાન લોખંડના સળિયાનું જોઈન્ટિંગ કોઈ પણ જાતના ગણતરી કે ટેકનિકલ માપદંડ વિના આડેધડ કરી દેવાયું હતું અને તે જ પાયા પર ૫ બોક્સ પિલરનું કોપિંગ પણ ભરી દેવામાં આવ્યું હતું, જે સીધી રીતે હજારો વાહનચાલકોના જીવ સાથે રમત સમાન છે.





આ ગંભીર અને ગુનાહિત બેદરકારી સામે આવતા જ મનપા કમિશનર તુષાર સુમેરાએ કડક વલણ અપનાવીને જવાબદારો સામે સપાટો બોલાવ્યો છે. સ્થળ પર યોગ્ય સુપરવિઝન ન રાખવા અને નબળી કામગીરી આંખ આડા કાન કરવા બદલ નાયબ ઈજનેર વી.સી. કારીયા અને આસિસ્ટન્ટ ઈજનેર વિશાલ વાગડીયાને તાત્કાલિક અસરથી સેવાઓમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રોજેક્ટની સીધી દેખરેખ રાખતા ઉચ્ચ અધિકારીઓ એવા ડેપ્યુટી કમિશનર સી.કે. નંદાણી અને સિટી ઈજનેર કુંતેશ મહેતાને પણ કારણ દર્શક (શો-કોઝ) નોટિસ ફટકારીને આ મામલે લેખિતમાં ખુલાસો માગવામાં આવ્યો છે.

બીજી તરફ, રાજકોટ મહાનગરપાલિકાના સિટી ઈજનેર કુંતેશ મહેતાએ આપેલા સત્તાવાર નિવેદન અનુસાર, બ્રિજમાં રહી ગયેલી ટેકનિકલ ક્ષતિઓને સુધારવા અને ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે સુરતની ખ્યાતનામ સરકારી એન્જિનિયરિંગ કોલેજ (SVNIT) ના નિષ્ણાત પ્રોફેસર અનિલ દેસાઈની મદદ લેવામાં આવી હતી. SVNIT ના પ્રોફેસર અનિલ દેસાઈએ સ્થળ તપાસ કરીને મનપાને સુધારાત્મક રિપોર્ટ સોંપ્યો છે. પ્રોફેસરે પોતાના રિપોર્ટમાં સ્પષ્ટ સલાહ આપી છે કે બ્રિજના નબળા પડેલા સ્ટ્રક્ચરને મજબૂતી આપવા માટે તાત્કાલિક ધોરણે 'જેકેટીંગ' (Jacketed Retaining Repair) કામગીરી કરવી પડશે, જેથી પિલર અને જોઈન્ટ્સને વધારાનું મજબૂત આવરણ આપીને સ્ટ્રક્ચરને સુરક્ષિત કરી શકાય.

માત્ર અધિકારીઓ જ નહીં, પરંતુ નબળું બાંધકામ કરનાર ખાનગી એજન્સીઓ સામે પણ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. બ્રિજનું નિર્માણ કાર્ય સંભાળી રહેલી મુખ્ય કંપની 'બેગબોન' તથા 'ડેલ્ફ એન્જિનિયર'ને પણ કારણ દર્શક નોટિસ પાઠવવામાં આવી છે. નિર્માણ કરતી વખતે ટેકનિકલ માપદંડોનું ઉલ્લંઘન કરવા બદલ શા માટે તેમની સામે કાયદેસરની કાર્યવાહી ન કરવી અને તેમને બ્લેકલિસ્ટ ન કરવા તે અંગે ખુલાસો પૂછવામાં આવ્યો છે. રૂ. ૪૨ કરોડના જાહેર જનતાના નાણાંનો આ રીતે વ્યય કરવા બદલ અને ટેકનિકલ ક્ષતિઓ સાથે બ્રિજ ઊભો કરી દેવાના આ સમગ્ર ઘટનાક્રમે રાજકોટના રાજકીય અને રોડ-બ્રિજ નિર્માણ ક્ષેત્રે મોટો ગરમાવો લાવી દીધો છે.

બે ઈજનેર સસ્પેન્ડ, ઉચ્ચ અધિકારીઓને 'કારણ દર્શક' નોટિસ

કામગીરીમાં ઘોર બેદરકારી દાખવનાર જવાબદારો સામે મનપા કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. નાયબ ઈજનેર વી.સી. કારીયા અને આસિસ્ટન્ટ ઈજનેર વિશાલ વાગડીયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે.. ડેપ્યુટી કમિશનર સી.કે. નંદાણી અને સિટી ઈજનેર કુંતેશ મહેતાને નોટિસ ફટકારી ખુલાસો માગવામાં આવ્યો છે.

SVNITના પ્રોફેસર પાસેથી મનપાએ માગ્યો હતો રિપોર્ટ

સિટી ઈજનેર કુંતેશ મહેતાના જણાવ્યા પ્રમાણે, બ્રિજમાં જોવા મળેલી ક્ષતિઓ બાદ સુરતની જ્ઞાગઈઝ સરકારી એન્જિનિયરિંગ સંસ્થાના પ્રોફેસરને રાજકોટ બોલાવવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકાએ બ્રિજની હાલની સ્થિતિ, તેમાં રહેલી ખામીઓ અને જરૂરી ટેકનિકલ સુધારાઓ અંગે વિગતવાર અભિપ્રાય માંગ્યો હતો. આ માટે પ્રોફેસર દ્વારા સ્થળની ચકાસણી કરીને જરૂરી ટેકનિકલ પાસાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

પ્રોફેસર અનિલ દેસાઈએ 'જેકેટિંગ' કરવાની આપી સલાહ

જ્ઞાગઈઝ ના પ્રોફેસર અનિલ દેસાઈ દ્વારા બ્રિજને લઈને મહાનગરપાલિકાને રિપોર્ટ આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં બ્રિજમાં કયા પ્રકારના સુધારા કરવાની જરૂર છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ખાસ કરીને બ્રિજના કેટલાક ભાગોમાં 'જેકેટિંગ' કરવાની સલાહ આપવામાં આવી હોવાનું સિટી ઈજનેરે જણાવ્યું છે. જેકેટિંગ એક ટેકનિકલ પ્રક્રિયા છે, જેના દ્વારા સ્ટ્રક્ચરને વધારાનું મજબૂતીકરણ આપવામાં આવે છે.

નારી સશક્તિકરણની નવી ઉષા

CM રાજકોટથી ૧૩૬ 'ગ્રામ હાટ'નું કરાવશે લોકાર્પણ

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતેથી રાજ્યવ્યાપી સ્વાવલંબન અભિયાનનો પ્રારંભ: સખી મંડળો માટે કેશ ક્રેડિટ, ઈ-કોમર્સ ઈન્સેન્ટિવ, અમૂલ પાર્લર અને મહત્વપૂર્ણ MoUનો સમન્વય

રાજકોટ, તા. ૯

રાજ્યની ગ્રામીણ મહિલા કારીગરોની કલા-કારીગરીને સીધું બજાર પૂરું પાડી તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાના ભગીરથ હેતુ સાથે આજે, ૧૦ ઓક્ટોબરે રાજકોટની ધરા પરથી એક નવો ઇતિહાસ રચાવા જઈ રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે રાજ્યભરમાં નવનિર્મિત ૧૩૬ 'ગ્રામ હાટ'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવશે. ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ (જ્ઞક્ષઈ) અને ગ્રામ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦ કલાકે આયોજિત આ કાર્યક્રમ માધ્યમથી રાજ્ય સરકાર મહિલા સશક્તિકરણ અને સ્વાવલંબનની દિશામાં એક નવો માઇલસ્ટોન સ્થાપિત કરવા જઈ રહી છે.

આ સમારોહ માત્ર લોકાર્પણ પૂરતો સીમિત ન રહેતાં, ગ્રામીણ મહિલાઓની આજીવિકાને મજબૂત બનાવતા અનેકવિધ પ્રકલ્પોનો શુભારંભ કરાવશે. મુખ્યમંત્રી દ્વારા સખી મંડળની બહેનોને અમૂલ પાર્લરના એલોટમેન્ટ લેટર્સ, કેશ ક્રેડિટના ચેક તથા ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલી બહેનોને વિશેષ ક્રેડિટ સહાયનું વિતરણ કરવામાં આવશે. વિશેષરૂપે, ગ્રામીણ મહિલાઓને ડિજિટલ યુગ સાથે કદમ મિલાવતી કરવા માટે બે કે તેથી વધુ સમયથી 'લખપતિ દીદી' તરીકે સફળતાપૂર્વક ઉભરી આવેલી મહિલાઓને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર દરેક ઓર્ડર દીઠ રૂ. ૨૦નું પ્રોત્સાહન આપવાની એક નવીન અને ક્રાંતિકારી પહેલનો પ્રારંભ પણ આ મંચ પરથી થશે.

મહિલાઓના આર્થિક ઉત્થાનને સ્થાયી અને વ્યાપક સ્વરૂપ આપવા માટે આ પ્રસંગે વિવિધ ક્ષેત્રો સાથે મહત્વના એમ.ઓ.યુ. (ખજ્ઞઝ) પણ આકાર લેશે. જેમાં અમૂલ પાર્લર માટે બેંકિંગ સહયોગ, એસ.ટી. બસ સ્ટેશનો અને રેલવે પરિસરમાં ગ્રામ હાટ ઊભા કરવા માટે જ્ઞક્ષઈના જ્ઞજ્ઞઈ તથા ભારતીય રેલવે સાથેના કરાર તેમજ પશુપાલન અને સહકાર વિભાગ સાથેના ત્રિપક્ષીય કરારનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્તરે વેપારને વેગ આપવા રાજકોટ જિલ્લામાં ખાસ કરીને વિરપુર, જસદણ અને આટકોટના એસ.ટી. બસ સ્ટેશન ખાતે આ ગ્રામ હાટ કાર્યરત કરવામાં આવ્યા છે, જેથી મુસાફરો અને સ્થાનિક નાગરિકો બહેનો દ્વારા નિર્મિત ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ સીધી ખરીદી શકશે.

આ રાજ્યવ્યાપી મહોત્સવમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવિયા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષાના મંત્રી સંજયસિંહ મહીડા, મેયર ડો. નેહલભાઈ શુક્લ, સાંસદો પરસોત્તમભાઈ રૂપાલા અને કેસરીદેવસિંહ ઝાલા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા સહિત સ્થાનિક ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જયેશભાઈ રાદડીયા, જીતુભાઈ સોમાણી, દુર્લભજીભાઈ દેથરિયા, મેઘજીભાઈ ચાવડા, શામજીભાઈ ચૌહાણ અને ગીતાબા જાડેજા, કમિશનર-વ-અગ્રસચિવ ધનંજય દ્વિવેદી તથા જ્ઞક્ષઈના મેનેજિંગ ડિરેક્ટર પ્રશસ્તિ પારીક સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

ભેળસેળખોરો સામે મનપાનું આકરું વલણ

સામાન્ય સભામાં ફોજદારી કાર્યવાહી અને નવા બાય-લોઝની દરખાસ્તો થશે રજૂ

રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકા હવે શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ અને સ્વચ્છતાના નિયમોનું અનાદર કરનારાઓ સામે આરપારના મૂડમાં આવી ગઈ છે. આગામી તા. ૧૭ના શનિવારે સવારે ૧૧ વાગ્યે મેયર ડો. નેહલ શુકલના અધ્યક્ષસ્થાને મળનારી મનપાની સાધારણ સભામાં શહેરના ભાવિ અને જાહેર આરોગ્યને સ્પર્શતા અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. આ બોર્ડ મીટિંગના એજન્ડામાં કાયદો-નિયમન અને સ્વચ્છતા સહિત કુલ આઠ જેટલી મહત્વની દરખાસ્તોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે પૈકી ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ રોકવા અને ઘનકચરા વ્યવસ્થાપન માટેના નિયમો વધુ કડક બનાવવાની દરખાસ્તો કેન્દ્રસ્થાને રહેશે.

રાજકોટ શહેરમાં છેલ્લા લાંબા સમયથી ખાદ્ય પદાર્થોમાં બેફામ ભેળસેળ થતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. તંત્ર દ્વારા અવારનવાર દરોડા પાડીને હલકી ગુણવત્તાવાળા ખોરાકનો નાશ કરવો, નોટિસ ફટકારવી કે મામૂલી દંડ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ આ પગલાં ભેળસેળખોરોને ડામવામાં તદ્દન અસહાય સાબિત થયા છે. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને મનપાની કાયદો અને નિયમન સમિતિ દ્વારા 'ધી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬' હેઠળની જોગવાઈઓ અને દંડના નિયમો વધુ આકરા બનાવવા ભલામણ કરાઈ છે.

આ નવી દરખાસ્ત અનુસાર, જાહેર આરોગ્યને નુકસાન પહોંચાડતા ધંધાર્થીઓ સામે હવે માત્ર દંડથી સંતોષ માનવામાં નહીં આવે, પરંતુ તેમની સામે સીધી ફોજદારી ફરિયાદ નોંધીને આકરી જેલ સજા થાય તેવી જોગવાઈઓ અમલી બનાવવામાં આવશે. આ અંગે કાયદાકીય અને વહીવટી સુધારા સાથેનો આકરો ઠરાવ સામાન્ય સભામાં પસાર કરીને અંતિમ મંજૂરી અર્થે રાજ્ય સરકારને મોકલવામાં આવશે, જેથી રાજ્ય સ્તરેથી હુકમ મેળવીને તેનો અમલ શરૂ કરી શકાય.

ખાદ્ય સુરક્ષાની સાથે શહેરની સફાઈ અને ઘનકચરાના યોગ્ય નિકાલ માટે પણ સેનિટેશન કમિટી દ્વારા આકરા નિયમોની દરખાસ્ત મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા તાજેતરમાં તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ 'ઘનકચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬' જાહેર કરવામાં આવ્યા છે, જે સમગ્ર દેશમાં ૧ એપ્રિલથી અમલી બન્યા છે. આ અંતર્ગત સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા કડક આદેશોનું પાલન કરવા માટે રાજ્ય સરકારે તમામ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એકરૂપતા લાવવા સ્તરીય 'મોડેલ બાય-લોઝ' તૈયાર કર્યા છે.

રાજકોટ મહાનગરપાલિકામાં આ મોડેલ બાય-લોઝનું અમલીકરણ કરવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. નવી વ્યવસ્થા હેઠળ હવેથી શહેરીજનો માટે કચરાનું ભીના અને સુકા સ્વરૂપે ફરજિયાત વર્ગીકરણ કરવું અનિવાર્ય બનશે. આ ઉપરાંત, ૧૦૦ ટનથી વધુ પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સોસાયટીઓ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે સંસ્થાઓએ કચરાના નિકાલ માટે મનપાને નિશ્ચિત ખર્ચ ચૂકવવાનો રહેશે. જો કોઈ નાગરિક કે સંસ્થા આ નિયમોનું અનાદર કરશે તો તેમની સામે ભારે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ આગામી તા. ૩૦-૧૦-૨૦૨૬ સુધીમાં ૫૦ ટકા ટાર્ગેટ પૂરો કરવાનો રહેશે, જેને ધ્યાને રાખીને આગામી સામાન્ય સભામાં આ દરખાસ્ત પર મંજૂરીની મહોર મારવામાં આવશે.

અણઘડ નીતિઓ સામે રજિસ્ટ્રેશન વિભાગના કર્મીનો મોરચો

બીજા નોરતાથી રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી : લાખો રૂપિયાની આવક રળી આપતી સબ રજિસ્ટ્રાર કચેરીઓના કર્મચારીઓ પડતર પ્રશ્નો ઉકેલાતા આક્રમક મૂડમાં

રાજકોટ, તા. ૯

રાજ્યમાં મહેસૂલી અને ઉંઈક્ષ વિભાગના કર્મચારીઓ બાદ હવે જમીન-મિલકત દસ્તાવેજ નોંધણી સાથે સંકળાયેલા કર્મચારીઓએ પણ સરકાર સામે મોરચો માંડ્યો છે. લાંબા સમયથી લટકતા પડતર પ્રશ્નો અને અસંતોષ વચ્ચે 'ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ' દ્વારા વિવિધ ૧૩ પડતર માંગણીઓને લઈને આંદોલનના મંડાણ કરવાનું આખરી અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે.

કર્મચારી મંડળ દ્વારા વડી કચેરી અને સરકારની નીતિરીતિઓ સામે ગંભીર સવાલો ઉઠાવતા જણાવવામાં આવ્યું છે કે ઓડિટ ફકરાના નામે અપાતી ખોટી નોટિસો અને ચાર્જશીટ આપવાની કામગીરી તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે. આ ઉપરાંત મહેસૂલ વિભાગના ઠરાવ મુજબની યોગ્ય પ્રક્રિયા કર્યા વિના સબ રજિસ્ટ્રાર વિરુદ્ધ થતી તથ્યવિહીન અને ખોટી ફરિયાદો પર રોક લગાવવામાં આવે. મંડળની માંગણી છે કે સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ (વર્ગ-૩) ની કેડરને તાત્કાલિક ધોરણે મર્જ કરવામાં આવે, જ્યારે 'ગરવી ૨.૦' પોર્ટલની ટેકનિકલ ખામીઓ અને વિસંગતતાઓ સત્વરે દૂર કરી યોગ્ય સુધારા કરવામાં આવે. ટાઇટલ તેમજ આધાર કાર્ડ સંદર્ભિત વિરોધાભાસી પરિપત્રો રદ કરવાની સાથે કાયદાકીય ગૂંચવણો વખતે વડી કચેરી દ્વારા 'નરોવા કુંજરોવા' જેવી નીતિ છોડીને સ્પષ્ટ અને ચોક્કસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે. વહીવટી સ્તરે કર્મચારીઓની વિનંતીથી બદલીની અરજીઓનો યોગ્ય ઉકેલ લાવવો, બિનજરૂરી રજિસ્ટરો રદ કરવા, દૈનિક ટોકન સ્લોટ ઘટાડવા અને અનામી અરજીઓના આધારે થતી હેરાનગતિ સદંતર બંધ કરવા સહિતના મુદ્દાઓ આ લડતના મુખ્ય કેન્દ્રમાં છે.



આ પ્રશ્નોના ઉકેલ માટે મંડળે તબક્કાવાર આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કર્યા છે. જેના ભાગરૂપે આગામી ૧૨ ઓક્ટોબરના રોજ રાજ્યના તમામ ઝોન કક્ષાએ કલેક્ટરશ્રીઓને આવેદનપત્ર પાઠવવામાં આવશે. શરૂઆતમાં કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવશે. ત્યારબાદ ૧૭ ઓક્ટોબરથી કચેરીના તમામ સત્તાવાર વ્હોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈ વિરોધ દર્શાવશે અને ૨૨ ઓક્ટોબરના રોજ રાજ્યભરના કર્મચારીઓ એકસાથે સામૂહિક સીએલ પર ઉતરી જશે. જો આટલા વિરોધ છતાં પણ સરકાર દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે તો ૨ નવેમ્બર ૨૦૨૬થી તમામ કર્મચારીઓ અનિશ્ચિત મુદતની સંપૂર્ણ હડતાલ પર ઉતરી જશે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત સમગ્ર રાજ્યની સબ રજિસ્ટ્રાર કચેરીઓ જમીન અને મિલકતોના દસ્તાવેજ નોંધણી મારફતે રાજ્ય સરકારની તિજોરીમાં દર વર્ષે કરોડો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી અને ફીની મબલક આવક જમા કરાવે છે. આટલી મોટી આવક રળી આપતા વિભાગના કર્મચારીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રશ્નો અધ્ધરતાલ રાખવામાં આવતા આખરે કર્મચારી મંડળે લડતના મંડાણ કરવાની ફરજ પડી છે.